Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૫ ● તા. ૨૫.૦૧.૨૦૧૧ થી ૩૧.૦૧.૨૦૧૧ ● પોષ વદ ૦૪ થી પોષ વદ ૧૩ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# નીચા ટર્ન ઓવર અને ઊંચી ચંચળતા સાથે મનોવૈજ્ઞાનિક સપાટી પર ઝૂલી રહેલાં બજારો

**રોકાણકારો અને ટ્રેડરો માટે વ્યૂહ રચના અંદર વાંચો**

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય શેર બજારો ૫૬૫૦-૫૭૫૦ની ચૂસ્ત રેન્જમાં ટ્રેડ કર્યા બાદ સામાન્ય સુધારા સાથે બંધ રહ્યા હતા. બીએસઈનો સેન્સેક્સ ૧૯૦૦૭.૫૩ પર ૧૪૭.૦૯ પોઈન્ટ ઉપર જયારે એનએસઈનો નિફ્ટી આંક ૫૬૯૬.૫૦ પોઈન્ટ વધીને બંધ રહ્યો હતો. બેંકિંગ શેરોમાં ટ્રેડીંગના

> **૧૯૦૦૦ અને ૫૭૦૦ની સપાટી પર અસ્થિર બજારો - જો ફેબ્રુઆરી વાયદા વલણમાં તેજી થવાની હશે તો આગામી સપ્તાહે બજારો હકારાત્મક રહેશે**

છેલ્લા બે દિવસે લેવાલીના પગલે બીએસઈનો બેંકેક્ષ ઈન્ડેક્ષ ૪.૨ ટકા ઉછળ્યો હતો. જેને પગલે બેંક નિફ્ટી ૧૦૮૯૯.૪૦ બંધ રહી હતી. જયારે આઈટી ઈન્ડેક્ષ ૩ ટકા, મેટલ ઈન્ડેક્ષ ૨.૨ ટકા વધ્યા હતા. જો કે ઓઈલ એન્ડ

**શેરબજારની સમીક્ષા**



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

ગેસ સેક્ટરમાં વેચવાલીને પગલે ૨.૩ ટકા, જયારે કેપિટલ ગુડઝ ઈન્ડેક્ષ ૨.૧ ટકા ઘટ્યા હતા.

મુખ્ય શેરોમાં રિલાયન્સ ઈન્ફ્રા, ગેઈલ, ઓએનજીસી ૬-૮ ટકા ઘટ્યા હતા. રિલાયન્સ કેપિટલ, એલ એન્ડ ટી, હીરો હોન્ડા, ડીએલએફ, ભારતી એરટેલ અને રિલાયન્સ ઈન્ડ. ૧.૫-૪.૫ ટકાની વચ્ચે ઘટયા હતા. જો કે સામે ટીસીએસ, એક્ષિસ બેંક, એચસીએલ ટેકનો.માં ૬-૮ ટકા નો ઉછાળો આવ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, બજાજ ઓટો, એસબીઆઈ, એમ એન્ડ એમ, કોટક બેંક, સેઈલમાં ૩.૮-૫.૫ ટકાનો વધારો થયો હતો.

નિફ્ટી જૂનિયર ઈન્ડેક્ષમાં ૧ ટકા જયારે બીએસઈનો સ્મોલકેપ ઈન્ડેક્ષ ૦.૫ ટકા નબળા પડ્યા હતા. મિડકેપ સેગ્મેન્ટમાં હાઉસિંગ લોન કૌભાંડ પગલે ગગડી ગયેલો એલઆઈસી હાઉસિંગનો શેર ગત સપ્તાહે ૨૨ ટકા ઉછળ્યો હતો. ઓર્ચિડ કેમ. ૧૨.૫ ટકા, બેંક ઓફ ઈન્ડિયા ૧૦.૫ ટકા, દેના બેંક, ઈન્ડિયા બુલ્સ ફાઈનાન્સિયલ એન્ડ ઈન્ડિયા બુલ્સ રિયલ્ટી પણ ૫-૯ ટકા વધ્યા હતા. જયારે લવસ સિટી મામલે પર્યાવરણ મંત્રાલયના આડે હાથે આવેલા એચસીસીનો શેર ત્રીજા ત્રિમાસિક ગાળામાં નફો ૪.૭ ટકા ઘટવાથી ૮ ટકા ઘટ્યો હતો. ઉપરાંત જીવીકે પાવર ૬ ટકા, ૫રજ ૨.૭ ટકા ઘટ્યા હતા. બીજી બાજુ સ્મોલકેપ શેરોમાં શ્રી અષ્ટવિનાયક ૩૦ ટકા અને લોયડ્સ સ્ટીલ ૨૧ ટકા વધ્યા હતા.

**રિલાયન્સ ઈન્ડ.નું પરિણામ :**

બજારો જેની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા તે દેશની સૌથી મોટી પ્રાઈવેટ કંપની રિલાયન્સ ઈન્ડ.નું પરિણામ ગત સપ્તાહે શુક્રવારે બજારો બંધ થયા બાદ જાહેર થયેલું. જેમાં ત્રિજા ત્રિમાસિક ગાળાનો નફો ૨૮.૧૪ ટકા વધીને ગત વર્ષના ૪૦૦૮ ની સરખામણી એ ૫૧૩૬ રહ્યો હતો. જયારે વેચાણ ૫૬૮૫૬ કરોડની સામે ૫.૧૫ ટકા વધીને ૫૯,૭૮૯ રહ્યું હતું.

**નિફ્ટી ફ્યુચર :**

મિત્રો આપણે અત્યાર સુધી દિવાળી પછી આપેલી નિફ્ટીની દરેક વ્યૂહ રચના સફળ રહી હતી. આપણે જણાવ્યું હતું તેમ નિફ્ટી ફ્યુચર ૨૬ નવેમ્બર-૨૦૧૦

> **રિલાયન્સ ઈન્ડ.નું પરિણામ અપેક્ષાકૃત : જો કે બજારોને કેટલું ખૂશ કરશે તે આગામી સપ્તાહે જ ખબર પડશે.**

ના ૫૭૨૭ નો લો બનાવીને ૬૦૨૧.૭૦ સુધી વધ્યો હતો. ત્યાર બાદ ૧૦ ડીસેમ્બર ૨૦૧૦ના રોજ ૫૭૪૮ના લો પર આવ્યો હતો. જો કે ૨૬ નવેમ્બરનો લો તોડ્યા વગર ફરી ૩ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ ૬૨૦૭.૩૫ ની ઊંચાઈ સ્પર્શી હતી. ૬૩૪૯ની ૫ નવેમ્બરની નિફ્ટી ફ્યુચરની ઊંચામાં ઊંચી સપાટી બાદની ઊંચી સપાટી હતી. જો કે ત્યારબાદ આપની અપેક્ષા પ્રમાણે ૫૬૨૮.૬૫નો લો ભાવ ૧૭ નવેમ્બરના રોજ બનાવ્યો હતો. કે જે આની પહેલાં ૯ સપ્ટેમ્બર પર આ ભાવ હતો. ખેર આપણે એક વસ્તુ માર્ક કર્યું છે અને તે એ કે એનએસઈ પર તારણ ઓવરના પ્રમાણે બજારો વધે છે ત્યારે ૧૨૫૦૦૦ કરોડની આસપાસના વોલ્યુમ સાથે વધે છે જયારે બજારો ઘટ્યા છે તે તુલનાત્મક રીતે વધારે વોલ્યુમ સાથે વધ્યા નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે એફઆઈઆઈ જયાં સુધી બે હાથે લેવાલી ના કરે ત્યાં સુધી લોંગ ઓન્લી ટ્રેડરો એ સાવચેત રહીને ઈન્ટ્રાડે ટ્રેડીંગ કરવું સલાહભર્યું છે. બેંકિંગ શેરોમાં તેજીનો માહોલ બરકરાર રહેશે તેમ જણાય છે. જો કે રોકાણકારોએ આ સમયે નીચા વેલ્યુએશન પર ચાલી રહેલા શેરોમાં ભલે પાવર, ઈન્ફ્રા, રિયાલિટી, ટેલિકોમ કે ફાઈનાન્શિયલ શેરો હશે તેમાં ખરીદી કરવાની ચાલુ રાખવી જોઈએ અને તેજીમાં પાછા ફરવાની અને તેમને ઈન્ડેક્ષોથી ફિલ ગુડ

અનુસંધાન પા.નં. ૫ ઉપર



**મા ભારતીના ૬૨મા પ્રજાસત્તાક દિન નિમિત્તે સૌ વાચક મિત્રો તેમ જ શુભેચ્છકોને અભિનંદન. આવો આપણે દેશના સ્વાતંત્ર્ય માટે પોતાની જાનની કુરબાની આપી છે તેવા શહીદોને યાદ કરી તેમને વંદન કરીએ**

# એફઆઈઆઈની કાર્યરીતિ, ઊંચો ફૂગાવાનો દર, ડેરિવેટિવ એક્ષપાયરી અને આરબીઆઈ પોલીસી રિવ્યુ મહત્વનાં પરિબળો

**તા.૨૪ જાન્યુઆરી, ૨૦૧૧ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૧**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

આવનાર સપ્તાહે ઝીગ ઝાગ ચાલુ જ રહેશે, એફ આઈ આઈની કાર્યરીતી, ઉંચો ફૂગાવાનો દર, ડેરિવેટિવ એક્ષપાયરી અને આર બી આઈ પોલીસી રિવ્યુ મહત્વનાં ધ્યાન રાખવા લાયક પરિબળો

પરિણામોની ઋતુને કારણે ગયા સપ્તાહે અસ્થિરતાભર્યો વેપાર જોવા મળ્યો, હવે આવનાર સપ્તાહે એફ એન્ડ ઓ એક્ષપાયરી અને તા. ૨૫ જાન્યુઆરીના રોજ આર બી આઈની રિવ્યુ પોલીસી હોવાને કારણે થોડી વધુ ચંચળતા સાથેનું મિશ્ર સપ્તાહ જોવા મળે તે અપેક્ષિત છે.

૨૦૧૧ના વર્ષમાં એફ આઈ આઈ લગભગ ૫૦૦૦ કરોડના વેચાણ સાથે નેટ સેલર રહી છે. જેમાંથી લગભગ ૪૦૦૦ કરોડની ખરીદીઓ તો સ્વદેશી

**બાય એન્ડ સેલ**
રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ છે. યુ. એસ.નું અર્થતંત્ર સુધરવાને કારણે એફ આઈ આઈ એ પોતાનું થોડું રોકાણ પરત ખેંચેલ છે, જો આવનાર સપ્તાહમાં આ ફંડ પાછું ખેંચવાનું ચાલુ રહેશે તો, તે બજારને વધુ નુકશાન કરી શકશે.

આવનાર સપ્તાહમાં ઉદ્યોગ અગ્રણી કંપનીઓનાં પરિણામોનાં પરિણામોની બજાર પર અસરો વર્તાશે જેમાંની કેટલિક આર આઈ એલ, એસ બી આઈ એન, ડો રેડ્ડી, એચ ડી એફ સી બેંક, એચ પી સી એલ, એચ યુ એલ, આઈ સી આઈ સી આઈ બેંક, આઈ ઓ સી, જીન્દાલ સ્ટીલ, સેસાગોઆ, સિમેન્સ, સ્ટરલાઈટ અને યુનિયન બેંકનો સમાવેશ થાય છે.

તા. ૨૫મી જાન્યુઆરીના રોજ મળી રહેલી આર બી આઈ ની પોલીસી રિવ્યુ મીટીંગમાં લેવાનાર નિર્ણય બજાર માટે ચાવીરૂપ રહેશે. બજાર અપેક્ષા રાખી રહેલ છે કે આ મીટીંગમાં રેપો અને રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટ જેટલી વૃધ્ધિ નોંધાશે. ૨૫ બેઝીક પોઈન્ટ જેટલી કોઈ પણ વૃધ્ધિ અથવા તો ફૂગાવા અને આગામી રાજવિત્તિય ખાદ્ય માટે આર બી આઈ ની કોઈ પણ ટિકા-ટિપ્પણીની બજાર દ્વારા ખૂબ ગંભીરતાથી નોંધ લેવામાં આવશે.

એક્ષપાયરી પછી બજારમાં વધુ નુકશાન જોવા મળી શકે.

હાલની ચંચળતા સપ્ટેમ્બર ૨૦૧૦ની તાદશ્ય પરિસ્થિતિ દર્શાવે છે. ગત સપ્તાહે બજારે જે અસામાન્ય ચાલ દર્શાવી તે અંગે વિચારતાં, ખાદ્ય પદાર્થો અને બળતણના વધતા ભાવ ફૂગાવાના આંકડાઓને ઉંચકી રહેલ છે, આ ઉપરાંત રાજકીય પક્ષો અને આગેવાનોની સાંઠ ગાંઠ,એક પછી એક બહાર પડી રહેલાં કૌભાંડો અને તે સામે નિ:સહાય અને લાચાર બની ગમે તેમ બચાવ કરવા મથતી સરકાર આગામી સમયમાં મહત્વનો ભાગ ભજવી શકે, સ્પષ્ટ રીતે જણાય છે કે બજારમાં તે કેટલાક ફુગ્ગાઓ સર્જી શકે અને આ ફુગ્ગાઓ પરિણામોની ઋતુ તેમ જ ડેરિવેટિવ્સ એક્ષપાયરી પૂર્ણ થયા પછી ગમે ત્યારે ધડાકો કરી શકે અમે અપેક્ષા રાખીએ છીએ કે બજારે તત્કાલીન ૫૫૫૦ની સપાટી પર ટેકો લેવો જોઈએ, અને મહત્વનો ટેકો ૫૪૦૦ ની સપાટીએ છે જયારે ઉપરની સીમા ૫૮૫૦ થી ૫૯૦૦ ની સપાટી છે. આ સમયે અમારું મંતવ્ય છે કે, જયારે બજાર ઘટાડો દર્શાવે અને ૫૪૦૦ ૫૫૦૦ ની સપાટી વચ્ચે મજબૂતાઈ કેળવતું હોય ત્યારે દરેકે સારા લાર્જ કેપ શેરોમાં રોકાણ શરુ કરવું જોઈએ.

**સેન્સેક્ષ ૧૯૦૦૮**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૨૪ જાન્યુઆરી, ૨૦૧૧ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૧)**

આ સપ્તાહે ૧૯૧૦૪ અને ૧૮૮૬૦ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૯૧૦૪ ઉપર ટકી રહે અથવા તો ૧૮૮૬૦ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

અનુસંધાન પા.નં. ૬ ઉપર

**વેનબરી**
**(બીએસઈ કોડ : ૫૨૪૨૧૨)**
**લેખક શ્રી અશ્વિનભાઈ શાહ (કે. પી. કમાલ) ના જન્મ દિન તા. ૧૮મી જાન્યુઆરીએ રોકાણકારોને સપ્રેમ ભેટ (ખરીદો). આ કંપની વિશે વધુ વિગતો માટે જૂઓ**
www.theeagleinvestor.co.in

# આરબીઆઈની પોલીસી, જાન્યુઆરી વલણનો છેલ્લો દિવસ બજાર માટે ટ્રેન્ડ ડિસાઈડર બનશે

વાંચક મિત્રો નમસ્કાર,

વિતેલા સપ્તાહમાં આપણે જોયું કે ભારતીય શેર બજાર એક નાની રેન્જમાં જોવા મળ્યું. પરંતુ નિફ્ટી અને સેન્સક્સે આ સપ્તાહ દરમ્યાન ગયા સપ્તાહ કરતા નવો લો બનાવીને ગત સપ્તાહના ઘટાડાને થોડું ઓછું કરીને સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૧૯૦૦૦ હજાર ઉપર એટલે કે સાપ્તાહિક ૦.૭૮ ટકા એટલે કે ૧૪૭ પોઈન્ટની મજબૂતી સાથે બંધ રહ્યા જયારે નિફ્ટી પણ ગત સપ્તાહ કરતા ૫૬૯૬.૫૦ પોઈન્ટ બંધ હતી જે ગત સપ્તાહ કરતા સાપ્તાહિક ૪૧ પોઈન્ટના સુધારા સાથે એટલે કે ૦.૭૩ ટકા ની મજબૂતી દર્શાવવામાં સફળ રહી હતી. ગત સપ્તાહમાં થોડું શોર્ટ કવરિંગ થતા બજારો સાપ્તાહિક પોઝીટીવ બંધ આપવામાં સફળ રહ્યા છે પરંતુ હજુ પણ બજારોમાં દબાણ જોવા મળી રહ્યું છે જ્યાં સુધી આરબીઆઈની પોલીસી જાહેર નહીં થાય ત્યાં સુધી બજારમાં ચંચળતા જારી રહેશે.

ઈન્ડેક્ષ વાઈજ જોવા જઈએ તો બીએસઈનો બેંકેક્ષ ઈન્ડેક્ષ ૪.૨ ટકા ઉછળ્યો હતો. જેને પગલે બેંક નિફ્ટી ૧૦૮૯૯.૪૦ બંધ રહી હતી. જયારે આઈટી ઈન્ડેક્ષ ૩ ટકા, મેટલ ઈન્ડેક્ષ ૨.૨ ટકા વધ્યા હતા. જો કે ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં વેચવાલીને પગલે ૨.૩ ટકા, જયારે કેપિટલ ગુડઝ ઈન્ડેક્ષ ૨.૧ ટકા ઘટ્યા હતા. નિફ્ટી જૂનિયર ઈન્ડેક્ષમાં ૧ ટકા જયારે બીએસઈનો સ્મોલકેપ ઈન્ડેક્ષ ૦.૫ ટકા નબળા પડ્યા હતા.

**પોઈન્ટ બ્લેન્ક**



શેખ આસિફ
મો. ૯૭૨૫૦૫૦૫૦૭
yooza_143@yahoo.com

આવનાર સપ્તાહમાં બે વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે એક તો ૨૫ જાન્યુઆરીની આરબીઆઈની નાણાંનીતિ અને બીજું ગુરુવારનો જાન્યુઆરી વલણનો છેલ્લો દિવસ અને બુધવારની રજા વચ્ચે આવે એટલે રોકાણકારોએ

અનુસંધાન પા.નં. ૭ ઉપર



# ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

નિફ્ટી કેશ સેગ્મેન્ટને ૫૫૪૯નો અતિ મહત્ત્વનો ઈલિયોટ વેવનો સપોર્ટ છે જે વેવ -૧ ની ટોપ ગતિ આ વેવ ૪૭૮૬થી શરુ થયેલો છે.

વેલિડ વેવ સ્ટ્રક્ચર પ્રમામે વેવ ચોથો (૪) એટલે કે હાલનો નંબર ૧ માં પ્રવેશે નહીં એટલે કે જો લાંબાગાળાની તેજી હજી હશે તો વેવ -૪ ૫૫૪૯ છે. અડ્યા વિના જ પૂરો થઈને વેવ પાંચની શરુઆત કરે.

ઘણા દિવસથી વેવ ૪ની ફોલિંગ વેવ બની રહી છે અને વેવ-૧ની ઉપર ૨૩૩ દિવસની મુવિંગ એવરેજ છે માટે અહિંયા સારો સપોર્ટ છે.

વેવ પ્રમાણે જો નિફ્ટી ૫૫૪૯ તોડે અને નવો હાઈ બનાવે તો ૬૬૦૦નો નવો ટાર્ગેટ.

શોર્ટ ટર્મ અને મીડિયમ ટર્મ માટે નીચેના શેરમાં ટ્રેડીંગ પોઝીશન લઈ શકાય.

**(૧) ગોદરેજ ઈન્ડ. :**

**સ્ટોપલોસ ૧૬૦ બંધ ભાવનો ટાર્ગેટ ૨૫૦.**

**(૨) ભારતી એરટેલ : ડિલીવરી બેઈઝ ઉત્તમ ટાર્ગેટ ૪૦૦**

**(૩) મણ્ણાપુરમ જનરલ ફાઈનાન્સ : સ્ટોપલોસ ૧૧૦ ટાર્ગેટ ૧૬૦-૧૫૦**

**(૪) ફેડરલ બેંક : સ્ટોપલોસ ૩૨૦ ટાર્ગેટ ૪૯૦-૫૧૦**

**ગોદરેજ ઈન્ડ. અને ભારતીય એરટેલમાં મારા ફેમિલીની પોઝીશન છે.**

# ૨૪ જાન્યુઆરી થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૬૯૭)**
**સેન્સેક્ષ (૧૯૦૦૮)**
**તા. ૨૧.૧.૨૦૧૧**

અમોએ જણાવેલ કે '' ટેકનીકલી બજાર રનીંગ કરેકશનના નામે ઓળખાતી બેરીશ પેટર્ન પર છે અને જો હવે પછી આવનાર દિવસોમાં ૫૫૩૫ થી ૫૩૭૮ની સપાટી જોવા મળે તો તેમાં આશ્ચર્યજનક કશું જ નથી.'

**બજારનો રિવ્યૂ**



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// ww.prakashgaba.com

બજાર અપેક્ષા મુજબ જ રહ્યું અને સમગ્ર ટ્રેડીંગ સપ્તાહ દરમ્યાન માત્ર ૧૦૦ પોઈન્ટની રેન્જમાં જ ટ્રેડ થતું રહ્યું અને છેવટે માર્જીનલી ગ્રીનમાં બંધ આવ્યું.

ટેકનીકલી હવે આપણું મસ્તક એફ એન્ડ ઓ એક્ષપાયરીમાં ભરાયેલ છે અને બુધવારે રજા પણ છે. હજુ સુધી બજારે કોઈ મજબૂતાઈ દર્શાવી નથી અને એફ એન્ડ ઓ એક્ષપાયરી સુધી ૫૬૨૫ એ મહત્વનો ટેકો છે, તેમ જ જો આ ટેકો જળવાઈ રહેશે તો શોર્ટકવરીંગને કારણે આપણે ૫૮૦૦ની સપાટી જોઈ શકીએ. પરંતુ આપણે ૫૬૨૫ની મહત્વની ટેકાની સપાટીએ ધ્યાન આપવું જરૂરી છે, કારણ કે આ ટેકો બજારને તોડી શકે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૫૬૨૫ની સપાટી જળવાઈ રહે, ૫૮૦૦ ના લક્ષાંકથી હું ઘટાડે ખરીદી કરવાનું પસંદ કરીશ.

## નિફ્ટી ૫૬૦૦ તોડે તો બલ્ડ બાથ, નહીં તો ૫૮૨૭

શરદ કોટક

# આવનાર સપ્તાહ બેંકોના શેરોમાં નીચા મથાળેથી તેજીની ચાલ આગળ વધશે

ગયા સપ્તાહમાં બજારે નવી બોટમ બનાવી છે. પરંતુ નીચા મથાળેથી ઘટતું અટક્યું છે. વોલ્યુમનો અભાવ છે. બજારમાં વોલેટાલિટી હોવાથી શેરોની આગળ ચાલી આવી રહ્યું છે. આમ વિચારીએ તો બજારે રિલાયન્સના ગૃપના શેરોના લીધે, બજારને ઘટતું અટક્યાના સંકેતો બતાવે છે. બજારમાં નવી તેજી કરશે

**ટેકનો વ્યૂ**



**રમેશ વાટલિયા**
**મો. ૯૮૯૮૧૧૫૪૮૮**
www.rameshvatalia.com

તો રિલાયન્સ ગ્રુપના શેરોમાં તેજીની ચાલ પ્રથમ આવશે તેવું ચાર્ટ પરથી ગણતરી નીકળી રહી છે ખેર.

**ચાર્ટ અવલોકન**

**નિફ્ટી (૫૭૦૦) :** ગયા સપ્તાહમાં બજાર ધારણા કરતા ઘટાડાનું પ્રમાણ નહીંવત રહ્યું છે. સાપ્તાહિક ક્લોઝીંગ મજબૂત આવ્યું હોવાથી આવનાર દિવસોમાં બજારે તેજી થવાના એંધાણ આપ્યા છે. આના કારણે આવનાર સપ્તાહમાં નીચા મથાળે વેચાણ કરવું. જેવું નથી બેસતું. ટૂંકમાં દૈનિક ચાર્ટમાં વધારે પડતી વેચાણવાળી સ્થિતિ બની હોવાથી આવનાર દિવસો ઉછાળો આપવા બજાર મજબૂત બની રહ્યું છે. ટૂંકમાં નીચા મથાળે વેચાણ કરવા જેવું નથી. ટૂંકમાં બજારમાં નીચા મથાળેથી સુધારા ઝડપથી આવી શકે છે. નિફ્ટીમાં ઉપરમાં ૫૭૫૦ નજીકની પ્રતિકારક સપાટી કૂદાવતા ૫૭૭૮થી ૫૭૯૦ સુધીનો ઉછાળો ઝડપથી બતાવશે. નીચામાં ૫૬૩૦ મહત્ત્વની સપાટી રહેશે.

**એલઆઈસી હાઉસિંગ (૧૯૩) :** સાપ્તાહિક ચાર્ટમાં એક જ સપ્તાહમાં ૨૨ ટકાનો સુધારો બતાવ્યો છે. વોલ્યુમ સાથે સુધારો બતાવી રહ્યો હોવાથી આ શેરમાં તેજીનું નવું જોર આવશે. ઉપરમાં ૧૯૯ની સપાટી કૂદાવતા ૨૧૧ની મહત્ત્વની સપાટી પાસે આવવાની ગણતરી બતાવી રહ્યું છે. ટૂંકમાં આ શેરમાં રોકાણ કરનારને સારું વળતર આપી જશે.

**ટાટા મોટર્સ (૧૧૮૮) :** આ શેરમાં છેલ્લા પાંચ સપ્તાહથી નબળાઈની ચાલ ગયા સપ્તાહમાં નીચામાં ૧૧૪૦ની બોટમ બનાવીને પોઝીટીવ સંકેત બતાવી રહ્યું છે. આના કારણે આવનાર સપ્તાહમાં તેજીની ચાલ આગળ વધશે. ઉપરમાં ૧૨૦૩ નજીકની સપાટી રહેશે. આ સપાટી કૂદાવતા ૧૨૧૫ની સપાટી અગત્યની રહેશે. નીચામાં ૧૧૪૦ સ્ટ્રોંગ સપાટીનું કામ કરશે.

**સિન્ડીકેટ બેંક (૧૦૭) :** આ શેરમાં ઉપરમાં ૧૬૪ના ભાવથી મૂળ ચાર્ટ કરેક્શનમાં જ છે. નબળા ટોપ સાથે નબળા બોટમ બનાવીને આ શેર કરેક્શનમાંથી પસાર થઈ રહ્યો છે. પરંતુ આવનાર દિવસોમાં એક ઉછાળો આવવો જરુરી બન્યો છે. ઉપરમાં ૧૧૩નો ભાવ આવવાની ગણતરી બતાવી રહ્યું છે. આ સપાટી કૂદાવતા ૧૨૦ની આસપાસ આવવાની ગણતરી ચાર્ટ પરથી નિકળે છે.

**એક્સિસ બેંક (૧૨૮૮) :** આ શેરમાં નીચામાં ૧૧૮૫ની બોટમ બનાવીને સુધારા આવવાની ગણતરી બતાવી રહ્યો છે. ઉપરમાં ૧૩૩૦ની સપાટી ખૂબ જ મહત્ત્વની રહેશે. ૧૩૩૦ની સપાટી કૂદાવતા ઉપરમાં સુધારો ઝડપથી આવી શકે છે. ઉછાળે આવવો જરુરી બન્યો છે. ઉપરના ભાવથી કરેક્શન આવી શકે છે.

**બજાજ ઓટો (૧૩૧૪) :** આ શેરમાં સાપ્તાહિક ચાર્ટમાં બોટમ બન્યાના સંકેત બતાવી દીધા છે. આ ઉછાળો ઉપરમાં ૧૩૪૮નો પ્રથમ ટાર્ગેટ આવી શકે છે. આ સપાટી કૂદાવતા ૧૩૬૫ સુધી આવી શકે છે. નીચા મથાળેથી સુધારો આવી શકે છે. વધારે પડતી વેચાણવાળી સ્થિતિ બની હોવાથી ઉછાળો આવવો જરુરી છે.

**દેના બેંક (૧૦૯) :** આ શેરમાં ઉપરમાં ૧૫૨ની ટોપથી ખરાબીના સંકેત આપી દીધા છે. આ મૂળ ચાર્ટ નબળાઈ વાળો જ છે. પરંતુ હાલ પુરતું સાપ્તાહિક ચાર્ટમાં વધારે પડતી વેચાણવાળી સ્થિતિ બની હોવાથી આ ભાવથી ઝડપથી ઉછાળો બતાવી શકે છે. બ્રેક આઉટની રચના બનાવતા જ ઝડપથી તેજીની ચાલ આગળ વધશે. ઉપરમાં ૧૧૪નો ભાવ અગત્યનો કુદાવતા ૧૧૮ની સપાટી મહત્ત્વની રહેશે.

**ટેકનીકલ એનાલિસીસ :** વર્લ્ડમાં ૨૦ દેશોમાં ચાર્ટ દ્વારા ટ્રેડીંગ તથા ઈન્વેસ્ટ કરવાનું દિવસે દિવસે કામકાજ થઈ રહ્યું હોવાથી આપણે પણ ચાર્ટ દ્વારા લેટેસ્ટ સોફ્ટવેરથી કામકાજ કરીને ખૂબ જ સારું વળતર મેળવતા શીખો.

# ૫૫૨૮ અને ૫૮૩૪ વચ્ચે અનિશ્ચિત ચાલમાં અથડાતું કુટાતું બજાર

**નિફ્ટી ફ્યુચર બંધ : ૫૭૦૦**

૫૭૫૭-૫૭૮૩-૫૮૦૮ના ઉછાળે ૫૮૩૪ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું તથા નીચામાં ૫૫૫૮-૫૫૮૧-૫૬૨૬ના ઘટાડામાં ૫૫૨૬ના

**ગોલ્ડન સ્પોટ**
**મનીષ પટેલ**
latish_patel@yahoo.co.in

સ્ટોપલોસથી ઈન્ટ્રાડેમાં લેણ કરવું. આરબીઆઈની મોનીટરી પોલીસી તથા એફએન્ડઓની એક્સપાયરી હોવાથી નિફ્ટી ફ્યુચર બંને બાજુ વોલેટાઈલ રહેવાની શક્યતા હોવાથી લેણ તથા વેચાણ બંને બાજુ સ્ટોપલોસ રાખવા હિતાવહ રહેશે. નીચામાં ૫૫૨૮ તથા ઉપરમાં ૫૮૩૪ ઉપર બે દિવસ બંધ આવતા બજાર દિશા નક્કી કરશે.

**બેંક નિફ્ટી ફ્યુચર**
**બંધ ભાવ : ૧૦૮૯૬**

નીચામાં ૧૦૩૩૭નો ઈન્ટ્રાડે સ્ટોપલોસ અને ઉપરમાં ૧૧૩૭૬ ઉપર સતત બે દિવસ બંધ આવતા બેંક નિફ્ટી ફ્યુચર પોતાની દિશા નક્કી કરશે.

નીચામાં ૧૦૪૧૬-૧૦૫૪૭-૧૦૬૬૧-૧૦૭૭૪ના ઘટાડે ૧૦૩૩૭ના સ્ટોપલોસથી લેણ કરવું. તથા ઉપરમાં ૧૧૦૬૬-૧૧૧૪૪-૧૧૧૯૧ના ઉછાળે ૧૧૩૭૬ના સ્ટોપલોસથી ઈન્ટ્રાડેમાં વેચાણ કરવું.

**એક્સીસ બેંક ફ્યુચર**
**બંધ ભાવ : ૧૨૮૮**

એક્સીસ બેંકનું ત્રિમાસિક પરિણામ સારું આવેલ હોવાથી ૧૧૮૫-૧૨૨૭ના ઘટાડે ૧૧૬૬નો ઈન્ટ્રાડેમાં સ્ટોપલોસ રાખી લેણ કરવું તથા ૧૩૩૮-૧૩૫૩-૧૩૭૨ના ઉછાળે ૧૩૮૮નો સ્ટોપલોસ રાખી ઈન્ટ્રાડેમાં વેચાણ કરવું.

**ઇન્ફોસીસ ફ્યુચર**
**બંધ ભાવ : ૩૨૪૫**

૩૨૮૮-૩૩૧૮-૩૩૪૦ના ઉછાળે ૩૩૭૪નો સ્ટોપલોસ રાખી ઈન્ટ્રાડેમાં વેચાણ કરવું. નીચામાં ૩૧૮૪-૩૧૯૮નો ત્રિમાસિક મહત્ત્વનો સપોર્ટ તુટતા નીચામાં ૩૧૩૬, ૩૧૦૨, ૩૦૫૬ અને ૨૯૮૦નો ભાવ જોવા મળે.

**ભેલ ફ્યુચર**
**બંધ ભાવ : ૨૨૧૧**

૨૨૬૧-૨૨૯૮-૨૩૦૨ના ઉછાળે ૨૩૨૪ના સ્ટોપલોસથી ઈન્ટ્રાડેમાં વેચાણ કરવું. નીચામાં ૨૧૫૦-૨૧૭૧નો ત્રિમાસિક મહત્ત્વનો સપોર્ટ તુટતા નીચામાં ૨૧૦૨-૨૧૮૪ અને ૨૦૬૦નો ભાવ જોવા મળે.

**ટાટા મોટર ફ્યુચર**
**બંધ ભાવ : ૧૧૮૭**

૧૨૦૩-૧૨૨૭-૧૨૪૨ના ઉછાળે ૧૨૬૪ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૧૧૩૬-૧૧૪૮ એ ત્રિમાસિક ચાર્ટની દૃષ્ટિએ મહત્ત્વનો સપોર્ટ હોવાથી તે તુટતા ૧૧૦૨, ૧૦૮૪ અને ૧૦૫૨નો ભાવ જોવા મળે.

**ચાર્ટ શીખવા માંગતા વાચક મિત્રો komal_1992@ymail.com ઉપર સંપર્ક કરો.**

# ચૂનંદા શેરોમાં હવે, દરેક તબક્કે વેલ્યુબાઈંગ સાથે તોફાની ઉછાળો જોવાય

**(૧) કરુતુરી (૫૩૧૬૮૭) (૨૧) :** નજીકમાં જ તોફાની તેજી દર્શાવી ૨૩ થી ૨૫. ત્યારબાદ ૨૭.

**(૨) દિંદ કોપર (૫૧૩૫૯૯) (૨૮૦.૪૫) :** - નજીકમાં જ સોલીડ ઉછાળાથી ૩૦૭ થી ૩૩૩.

**(૩) સુપર સ્પિનિંગ (૫૨૧૧૮૦) (૧૩.૩૫) :** - નજીકમાં જ ૧૬ થી ૧૯.

**(૪) એડલવેઈઝ (૫૩૨૯૨૨) (૪૧.૬૫) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૪૫ થી ૫૨

**(૫) એસ્ટ્રામાઈકો (૫૩૨૪૯૩) (૪૨.૩૫) :** - નજીકમાં જ ૪૫ થી ૫૦

**(૬) આલોક (૫૨૧૦૭૦) (૨૬.૨૫) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૨૮ થી ૩૨.

**(૭) અજીગોલ્ડ (૫૧૨૨૮૯) (૧૩૫.૪૫) :** - નજીકમાં જ ૧૪૩ થી ૧૫૩.

**(૮) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૩૮.૮૦) :** - નજીકમાં જ ખૂબ જ ઉછાળો દર્શાવી ૪૩ થી ૪૬.

**(૯) આઈડીએફસી (૫૩૨૬૫૯) (૧૫૭.૭૦) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૧૬૩ થી ૧૭૧.

**(૧૦) સ્ટરલાઈટ (૫૦૦૯૦૦) (૧૭૭.૮૦) :** - નજીકમાં જ તેજી દર્શાવી૧૮૫ થી ૧૯૪.

**(૧૧) જેપી પાવર (૫૩૨૬૨૭) (૪૯.૫૦) :** - નજીકમાં જ ઉછાળાથી ૫૪ થી ૬૪.

**(૧૨) ચંબલ ફર્ટી. (૫૦૦૦૮૫) (૭૬.૯૦) :** - નજીકમાં જ તોફાની તેજી દર્શાવી ૮૨ થી ૮૮.

**(૧૩) જીએમઆર ઈન્ફ્રા. (૫૩૨૭૫૪) (૪૧.૪૦) :** - નજીકમાં જ ઉછાળો દર્શાવી ૪૫ થી ૫૦.

**(૧૪) સ્ટર ટેક (૫૩૨૩૭૪) (૬૨.૩૦) :** - તોફાની તેજી થકી ૬૮ થી ૭૩.

**(૧૫) કેએફએ (૫૩૨૭૪૭) (૫૬.૮૦) :** - નજીકમાં જ ઉછાળાથી ૬૨ થી ૭૭.

**(૧૬) નાગાર્જુન ફર્ટી. (૫૦૦૦૭૫) (૩૦) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૩૪ થી ૩૭.

**(૧૭) ગ્રેટ ઓફશોર (૫૩૨૭૮૬) (૩૪૨.૯૦) :** - નજીકમાં જ ૩૬૦ થી ૩૮૩.

**(૧૮) ઈન્ડોરામા (૫૦૦૨૦૭) (૭૦.૨૫) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૭૭ થી ૮૨.

**(૧૯) ઈન્ડિયા ગ્લાયકોલ (૫૦૦૨૦૧) (૧૩૮.૫૦) :** - નજીકમાં જ તેજી થકી ૧૫૩ થી ૧૬૩.

**(૨૦) સ્ટર્ડી ઈન્ડ. (૫૩૦૬૧૧) (૫.૫૮) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૭ થી ૯.

**(૨૧) કેપ્રીહાન્સ (૫૦૯૪૮૬) (૭૧.૮૦) :** - નજીકમાં જ ૮૬ થી ૧૦૦.

**(૨૨) શ્રી રાયલસીમા (૫૦૭૭૩) (૧૨.૦૪) :** - નજીકમાં જ તેજીથી ૧૪ થી ૧૭.

**હોટ કેક**



**પારસ ઘેલાણી**
**મો. ૯૦૯૯૦૧૦૮૨૭**
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com

**(૨૩) એસઈએલ એમસીએલ (૫૩૨૮૮૬) (૨૧.૧૦) :** - નજીકમાં જ સર્કિટો દ્વારા ૨૩ થી ૨૫. ત્યાર બાદ ૨૭.

**(૨૪) કિર્તી ઈન્ડ. (૫૨૬૪૨૩) (૮.૬૮) :** - નજીકમાં જ ૧૨ થી ૧૬.

**(૨૫) કિર્તી ન્યુટ્રીશન્સ (૫૩૩૨૧૦) (૬.૩૫) :** - નજીકમાં જ ૧૦ થી ૧૪.

**(૨૬) એસપીએસએલ (૫૩૩૧૧૦) (૮.૮૯) :** - નજીકમાં જ ૧૨ થી ૧૬.

**(૨૭) ગોદરેજ કન્ઝ્યુમર (૫૩૨૪૨૪) (૪૦૧.૦૫) :** - તોફની ઉછાળાથી ૪૩૦ થી૪૫૦.

વાંચનારે અંગત નિર્ણય / કેપેસિટી / જોખમાનુસાર જ વેપાર ગોઠવવો.

# શનિ ચંદ્રનો વિષયોગ તેમજ શનિ વક્રી શેર બજારને કઈ દિશામાં દોરી જશે... ??

**શુક્ર ધનુ રાશીમાં** તા. ૨૯ શનિવારે રા ત્રે ૪.૦૦ થી શુક્ર, ધનુ રાશીમાં આવશે. આમ તો શુક્ર કોઈપણ રાશીમાં એકલો બેઠો હોય ત્યારે તે મંદીકારક બને છે. અહીં શુક્ર ગ્રહ રાહુની સાથે બેસવાથી તે તેજીમય બનશે. શુક્ર સામાન્ય રીતે એક રાશીમાં એક મહિના સુધી રહેતો હોય છે.

શુક્ર ગ્રહ વારંરવાર સુર્ય કે બુધની સાથે યુતિ કરતો હોય છે. શુક્રને વિલાસીતાનો ગ્રહ માનવામાં આવે છે. આ શુક્ર ગ્રહની નીચેના ક્ષેત્રની કંપનીઓ પર પડે.

કોટન મિલ્સ કંપનીઓ, ફોટોગ્રાફીક કંપનીઓ, કોસ્મેટિક કંપનીઓ, હેન્ડીક્રાફ્ટ કંપનીઓ, ફિલ્મ અને એન્ટરટેઈનમેન્ટ કંપનીઓ

હવે પછીનો સમય શનિ વક્રી, મકર રાશીમાં મંગળ-સૂર્ય - બુધ અને ધનુ રાશીમાં રાહુ-શુક્ર ગ્રહની આ પરિસ્થિતિને કારણે થોડો ઉથલ પાથલ વાળો સમય બની રહે તો નવાઈ નહીં.

**આ સપ્તાહ :**

તા. ૨૪ સોમવાર : તેજીમાં ખૂલીને ૯.૨૧ થી ૧૨.૦૦ નરમ.

**એસ્ટ્રો ગાઈડ**



**કીર્તિકુમાર બી.શાહ**
**મો. ૯૪૨૮૧૯૨૬૫૯**

તા. ૨૫ મંગળવાર : કદાચ આજે એફઆઈઆઈ વેચવાલ બની શકે.

તા. ૨૬ બુધવાર : બજાર બંધ રહેશે.

તા. ૨૭ ગુરુવાર : બજાર ગગડી શકવાની ધારણા

તા. ૨૮ શુક્રવાર : તેજીમાં ખુલીને ૧૦.૩૧ થી ૨.૩૦ નરમ, ૨.૩૧ક થી વધુ વધઘટે તેજ.

**ફ્યુચર એન્ડ ઓપ્શન :**

**રિલાયન્સ કોમ્યુ., પોલારીસ, ટીસીએસ, ડીએલએફ, સ્ટરલાઈટ, બાયોકોન, ઈન્ડિયન ઓઈલ, ઓએનજીસી, એચડીએફસી બેંક, ટાટા સ્ટીલ**

**હાઈ રિસ્ક હાઈ પ્રોફીટ :**

**કોટક મહિન્દ્રા બેંક, યુનાઈટેડ બેંક, આઈડીબીઆઈ બેંક, કેઈર્ન ઈન્ડિયા, રિલાયન્સ કેપિટલ, જેએસ ડબલ્યુ સ્ટીલ, એનએમડીસી, ચેન્નાઈ પેટ્રો, એસ્સાર શિપિંગ, હિન્દુસ્તાન ઝીંક, હિન્દુસ્તાન ઓઈલ**

**ટૂંકાગાળાનું રોકાણ....**

**સુઝલોન, ધામપુર સુગર, રેણુકા સુગર, ઓર્ચિડ કેમિકલ, વર્લપુલ, ગુજરાત ફ્લોરોકેમ, ઓરેકલર ફાઈ., રિલાયન્સ બ્રોડકાસ્ટ, અરેવા ટી એન્ડ ડી, બજાજ ઓટો, સિપ્લા, ઝેનીથ ઈન્ફોટેક, રાણે હોલ્ડીંગ, ગોડ ફ્રે ફિલ્મ, મર્કેટર લાઈન્સ**

# બુલિયનમાં ઘટાડે લેવાલીનો સપોર્ટ જોવા મળે

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડીટીઝમાં ઉપરના લેવલથી કરેક્શન જોવા મળ્યું. આંતરરાષ્ટ્રીય સોનામાં ઘણા સમયથી કરેક્શન ડ્યુ હતું. જે પ્રોફીટ બુકિંગ રૂપે જોવા મળ્યું. જ્યાં નીચેમાં હાલ પુરતી ડાઉન સાઈડ લીમીટેડ જણાય છે. જ્યાં ફરીથી ૧૩૨૦ આસપાસ ફરીથી ખરીદારી તરફી રુખ જોવા મળે તેમજ ઉપરમાં ૧૩૫૫ ઉપર બંધ ફરીથી ઝડપી લોંગ માં વધારો કરે. હાલ કોન્ટ્રાક્ટ

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો. ૯૫૧૦૮૫૦૨૮૮**

એક્ષપાયરીને કારણે લોંગ પોઝીશન થોડી કપાતી જોવા મળે. હાલ પુરતું સોનામાં ઘટાડે નીચા ભાવે લેવા માટેનો મોકો મળશે. નીચેમાં ૧૩૦૦ ડોલર એક મહત્ત્વની તળિયાની સપાટી છે. ચાંદીમાં પણે સારું કરેક્શન જોવા મળ્યું જ્યાં ચાંદીમાં વધુ વોલેટાલીટીથી આવનાર સમયમાં જોવા મળે સાથે એનર્જીમાં દાયરામાં ભાવ ફરતા જોવા મળે. બેઝ મેટલમાં કોપરમાં ઘટાડે લેવાલીનો સપોર્ટ છે. અને સ્ટ્રોંગ હોલ્ડ જોવા મળી રહ્યું છે.

**ક્રૂડનો ક્યાસ :**

આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં નીચેમાં ૮૮.૧૦ સુધી ઘટાડો જોવા મળે. જ્યાં નીચેમાં ૮૭.૨૦ ડોલરનો સપોર્ટ છે. ઉપરમાં ૯૦.૫૦ ડોલરની ઉપર જતાં ૯૨ ડોલર સુધી જઈ શકે જ્યાં ૯૩.૧૫ ડોલરનું રેસિસ્ટન્સ લેવલ છે. ટૂંકાગાળામાં ૮૭ ડોલરતી ૯૨ ડોલરની રેન્જ જોવા મળે. એમસીએક્સ ક્રૂડમાં નીચેમાં ૪૦૫૦ થી ૪૦૨૨ તરફી ધ્યાન બેસે જ્યાં નીચેમાં ૪૦૦૦ નીચે જતા ૩૯૭૨ આસપાસ સપોર્ટ જણાય ત્યાંથી ફરી ખરીદારી તરફી ધ્યાન અપાય. ઉપરમાં ૪૧૫૦ની ઉપર જતાં ૪૨૩૦ સુધી જોવા મળે. ઉપરમાં ૪૨૮૦ની સપાટી પ્રતિકારક બની રહેશે.

**સોનાની સ્ટ્રેટેજી :**

આંતરરાષ્ટ્રીય સોનામાં નીચેમાં ૧૩૩૬ તરફ ધ્યાન અપાય જે તોડે તો નીચેમાં ૧૩૧૭ સુધીનો ભાવ જોવા મળે. તેમ જ નીચેમાં ૧૩૧૨ ડોલરનો સપોર્ટ છે. નીચેથી ફરી લેવાલી જોવા મળે. સોનુ ૧૩૩૬ ડોલરની ઉપર ટકી જાય તો ઉપરમાં ૧૩૫૫ ડોલર જોવા મળે. જ્યાં ઉપરમાં ૧૩૮૦ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. એમસીએક્સ સોનામાં નીચેમાં ૧૯૯૨૦ થી ૧૯૭૮૦ સુધી ઘટાડો શક્ય છે. જ્યાં નીચેમાં ૧૯૭૦૦નો સપોર્ટ છે. ઉપરમાં ૨૦૧૫૦ની ઉપર જતા ૨૦૨૮૦ જોવા મળે. ૨૦૩૫૦ની પ્રતિકારક સપાટી જણાય. ટૂંકાગાળામાં લાંબી રેન્જમાં ભાવ જોવા મળે.

**ચાંદીની ચાલ :**

આંતરરાષ્ટ્રીય ચાંદીમાં નીચેમાં ૨૭ ડોલર પર ધ્યાન તેની ઉપર પોઝીટીવ રહેશે. તોડે તો નીચેમાં ૨૫.૮૦ થી ૨૫.૩૦ ડોલર સુધી ઘટાડો જોવા મળી શકે. ઉપરમાં ૨૭.૭૦ ડોલરની ઉપર જતા ૨૮ થી ૨૮.૫૦ ડોલર સુધી જોવા મળે. જ્યાં ૨૯.૨૦ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. એમસીએક્સ ચાંદીમાં નીચેમાં ૪૨૦૦૦ નું સ્તર તોડે તો વધુ ઘટાડો શક્ય છે જે ૪૦૫૦૦ થી ૩૯૮૦૦ સુધી ઘટાડો જોવા મળે અને ૪૨૦૦૦ની ઉપર ટકી જાય તો ફરીથી ઉપરમાં ૪૨૮૦૦ થી ૪૩૫૦૦ની રેન્જમાં ભાવ જોવા મળે. ટૂંકાગાળામાં ૪૦૦૦૦ થી ૪૩૫૦૦ની મોટી રેન્જમાં ભાવ અથડાય.

# આવનાર સપ્તાહે બેંક સેકટર સારો દેખાવ કરશે

**ફાયદાનો સોદો**



**રાજેશ કોઠારી**
**મો. ૦૯૮૯૨૧૪૫૩૩૫**

રિલાયન્સ દ્વારા ત્રીજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો સારા આવેલ છે. આર બી આઈ એ પણ ૨૫ ટકા બેઝીક પોઈન્ટ રિવર્સ રેપો રેટ વધારવા માટે તૈયારીઓ કરી દીધી છે. ફૂગાવાને નાણવા માટે આ કઠોર નિર્ણય કરેલ છે. ટેલીકોમ સેકટર મધ્યમથી લાંબા ગાળા માટે સારું જણાય છે. નવી ટેલીકોમ પોલીસી ૧૦૦ દિવસમાં જાહેર થશે. આર કોમ અને ૩ આઈ ઈન્ફોટેક ખરીદો.

| શેરનું નામ | ભલામણ | હાલનોભાવ | લક્ષાંક-૧ | લક્ષાંક-૨ | સ્ટોપલોસ |
|---|---|---|---|---|---|
| રિલાયન્સ ઈન્ડ. | ખરીદો | ૯૮૭ | ૯૮૦ | ૧૦૦૦ | ૧૦૨૦ |
| આર મિડિયા | ખરીદો | ૧૮૬ | ૧૮૨ | ૨૦૦ | ૨૧૫ |
| એસ બી આઈ એન | ખરીદો | ૨૫૯૮ | ૨૫૫૦ | ૨૬૪૦ | ૨૬૮૦ |
| પેન્ટાલુ રિટેઈલ | ખરીદો | ૩૧૯ | ૩૧૦ | ૩૩૦ | ૩૪૦ |
| હેક્ઝાવેર | ખરીદો | ૧૨૦ | ૧૧૫ | ૧૨૮ | ૧૩૨ |
| ૩આઈ ઈન્ફો | ખરીદો | ૫૮ | ૫૬ | ૬૨ | ૬૬ |
| ક્રીસ્તાની | ખરીદો | ૭૦ | ૬૫ | ૭૮ | ૮૨ |
| આર કોમ | ખરીદો | ૧૩૬ | ૧૩૩ | ૧૪૨ | ૧૪૫ |
| વિપ્રો | વેચો | ૪૫૬ | ૪૬૧ | ૪૪૦ | ૪૩૫ |
| કોટક બેંક | વેચો | ૪૧૮ | ૪૨૫ | ૪૧૧ | ૪૦૦ |

**લાયન રોર પા.નં. 3 નું ચાલુ**

ઓપન ઈન્ટરેસ્ટ ઉમેરાતો જોવા મળ્યો જે બજારનો આગામી માસનો અપેક્ષિત ટેકો સૂચવે છે

સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૯૪૩૩ છે જ્યારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૮૭૫૫ છે.

નિફ્ટી માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૮૮૫ છે જ્યારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૫૬૧૪ છે.

આવનાર સપ્તાહે સેન્સેક્ષ માટેનો ટેકો ૧૮૭૭૯-૧૮૫૪૦-૧૮૩૦૯ અને પ્રતિકારક સપાટી ૧૯૨૪૭-૧૯૫૦૪-૧૯૭૬૮ રહેશે.

આવનાર સપ્તાહે નિફ્ટી માટેનો ટેકો ૫૬૨૯-૫૫૬૭-૫૪૯૫ અને પ્રતિકારક સપાટી ૫૭૭૨-૫૮૫૫-૫૯૩૨ રહેશે.

**બાજ નજરે પા.નં. ૫ નું ચાલુ**

ઝંઝાવાતી તોફાન ટૂંકમાં જ દર્શાવી ૨૧૭ થી ૨૩૦.

**(૩) પેટ્રોનેટ (૫૩૨૫૨૨) (૧૨૮.૫૫) :** - નજીકમાં જ તેજી થકી ૧૩૩ થી ૧૩૬..

**(૪) આરઈઆઈ એગ્રો. (૫૩૨૧૦૬) (૨૬.૪૦) :** - ખૂબ જ તોફાની ઉછાળાથી ૩૪ થી ૩૭.

**(૫) એસબીઆઈ (૫૩૩૧૪૩) (૮૫.૭૦) :** - નજીકમાં જ ઉછાળો દર્શાવી ૯૦ થી ૧૦૦.

**(૬) એસ. કુમાર (૫૧૪૩૦૪) (૭૬.૩૫) :** - નજીકમાં જ તેજી દ્વારા ૮૬ થી ૯૩.

**(૭) આર પાવર (૫૩૨૯૩૯) (૧૪૧.૭૫) :** - નજીકમાં જ ઉછાળાથી ૧૪૯ થી ૧૫૬.

**(૮) એમઆરપીએલ (૫૦૦૧૦૯) (૭૦.૦૫) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૭૭ થી ૮૨.

**(૯) એચપીસીએલ (૫૦૦૧૦૪) (૩૬૬.૯૫) :** - નજીકમાં જ ઉછળીને ૩૮૩ થી ૪૦૧.

**(૧૦) હિંદ ઓઈલ (૨૦૧.૮૦) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૨૧૨ થી ૨૨૬.

**શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો**

# હાલમાં ૨૦૦ ડી એમ એની સપાટી જળવાઈ રહી

**તા. ૨૨.૦૧.૨૦૧૧**

**શું ટેકાની સપાટી જળવાઈ રહેશે ?**

અમોએ ગત સપ્તાહના અમારા લેખમાં જણાવ્યા મુજબ, બજાર નીચે તરફ ૨૦૦ ડી એમ એ ની સપાટીને સ્પર્શ કરવા ગયું અને આ સપ્તાહે આ ટેકાની સપાટી જળવાઈ રહી. હાલમાં એક સામાન્ય પુલબેક જોવા મળ્યું અને આ પુલબેકને ૫૮૭૧-૫૮૯૭ની મજબૂત પ્રતિકારક સપાટી વટાવતાં ઘણી જ મૂશ્કેલીઓ નડી છે. લાખ રૂપિયાનો સવાલ એ છે કે શું આ ૨૦૦ ડી એમ એ ની સપાટી જળવાઈ




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

સાપ્તાહિક ધોરણે ૧૪૭ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૫૬૪૮ પોઈન્ટથી કરી, ૫૭૪૭ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૬૨૪ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૬૯૬ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૪૨ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ સપ્તાહે બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર નાની સફેદ બોડીની કેન્ડલની રચના કરી છે સેન્સેક્ષે તેજીમય હરામી પેટર્નની રચના કરેલ છે જયારે નિફ્ટી આ રચના કરવામાં નિષ્ફળ નિવડેલ છે. દૈનિક ચાર્ટ પર બંને ઈન્ડેક્ષોએ શુક્રવારે ડોઝીની રચના કરેલ છે, જે અચોક્કસતાની અને અનિર્ણયકતાની નિશાની છે અને આવનાર દિવસે ઘણું બધું રચાનાર કેન્ડલની રચના પર આધારિત રહેશે.

હાલમાં બજાર ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૯૭૫૧ અને નિફ્ટી ૫૯૨૫) તેમ જ ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૯૬૭૨ અને નિફ્ટી તુરતના ૬૧૧૮ થી ૫૬૨૪ના ઘટાડાને ધ્યાનમાં લઈએ તો નિફ્ટીનું રિટ્રેસમેન્ટ લેવલ ૫૮૧૩-૫૮૭૧-૫૯૨૯ આવે. જો આપણે સેન્સેક્ષના ૨૧૧૦૮ થી ૧૮૭૭૯ના સળંગ ઘટાડાને ધ્યાનમાં લઈએ તો સેન્સેક્ષનું રિટ્રેસમેન્ટ લેવલ ૧૯૬૬૯-૧૯૯૪૪-૨૦૨૧૮. આ જ રીતે નિફ્ટીમાં પણ જો આપણે ૬૩૩૮ થી ૫૬૨૪ ની ઘટાડાની સપાટીને ધ્યાનમાં ઈએ તો રીટ્રેસમેન્ટ લેવલ ૫૮૯૭-૫૯૮૧-૬૦૬૫ આવે. આ રિટ્રેસમેન્ટ લેવલનું નિરિક્ષણ કરીએ તો જણાશે કે સેન્સેક્ષમાં ૧૯૬૬૯ થી ૧૯૭૨૨ અને નિફ્ટીમા ૫૮૭૧થી ૫૮૯૭ વચ્ચે ગુંચવણભર્યો પટ્ટો છે, અને આ ઝોન આગળ જતાં બજારની પ્રતિકારક શક્તિ તરીકે કાર્ય કરશે.

બન્ને ઈન્ડેક્ષોએ તેમની ઉચ્ચ તળિયાની સપાટી તોડી નાખેલ છે જે સેન્સેક્ષમાં ૧૮૯૫૪ અને નિફ્ટીમાં ૫૬૯૦ છે. આ રીતે લવર ટોપ (સેન્સેક્ષમાં ૨૦૬૬૪ અને નિફ્ટીમાં ૬૧૮૧) બની ગયેલ છે અને હવે નીચી તળિયાની સપાટીની રચાઈ રહેલ છે. તેથી મધ્યમગાળાની રૂખ નકારાત્મક બનેલ છે

પરંતુ જો સેન્સેક્ષ ૧૭૮૧૯ અને નિફ્ટી ૫૩૪૮ની સપાટી જાળવી રાખે તો લાંબા ગાળાની રૂખ યથાવત જ રહેશે.

ચાલો આપણે મધ્યમ ગાળાનું

**મોટા ભાગના સંકેતકો 'સેલ મોડ'માં જ છે. એમ એ સી ડી અને આર ઓ સી પણ 'સેલ મોડ' અને નકારાત્મક ટેરીટરીમાં છે**

ચિત્ર નિહાળીએ. જયારથી બંને ઈન્ડેક્ષોએ તેમની અગાઉની તળિયાની સપાટી તોડેલ છે ત્યારથી આપણે મધ્યમગાળાની નિમ્નરૂખમાં જ છીએ અને તેથી આપણે મધ્યમગાળાની વૃધ્ધી જે સેન્સેક્ષમાં ૧૫૯૬૦ થી ૨૧૧૦૮ અને નિફ્ટીમાં ૪૭૮૬ થી ૬૩૩૮ છે તેનો વિચાર કરવો જોઈએ. તો પછી કરેકશન સપાટી સેન્સેક્ષ માટે ૧૯૧૪૧-૧૮૫૩૪-૧૭૯૨૬ અને નિફ્ટી માટે કરેકશન સપાટી ૫૭૪૫-૫૫૬૨-૫૩૭૯ આવશે.

બંને ઈન્ડેક્ષોએ મંદીમય હેડ એન્ડ શોલ્ડર બ્રેકઆઉટ આપેલ છે. આ મંદીમય બ્રેકઆઉટના પરિણામે સેન્સેક્ષનો હવે પછીનો લક્ષાંક ૧૮૪૧૮-૧૭૮૩૪ અને નિફ્ટીનો હવે પછીનો લક્ષાંક ૫૫૧૭-૫૩૫૨ રહેશે.

મોટા ભાગના સંકેતકો 'સેલ મોડ'માં જ છે. એમ એ સી ડી અને આર ઓ સી પણ 'સેલ મોડ' અને નકારાત્મક ટેરીટરીમાં રહેવાનું ચાલુ જ રાખેલ છે. આર એસ આઈ પણ ૩૭ ઉપર છે અને વેચાણના સંકેત આપેલ છે. ઓ બી વી એ પણ મનીફલો ઈન્ડેક્ષ પણ 'સેલ મોડ'માં જ છે. માત્ર સ્ટોકેસ્ટિક ઓસીલેટર ખરીદીના સંકેત આપી રહેલ છે. એડીએક્ષ ૨૯ સુધી વધીને સંકેત આપી રહેલ છે કે નિમ્નગતિ વધુ મજબૂત બની રહેલ છે. દીશાસૂચક સંકેતકો જે રીતે +ડીઆઈ -ડીઆઈની નીચે છે તે જોતાં તેમણે પણ 'સેલ મોડ'માં રહેવાનું ચાલુ જ રાખેલ છે.

ઓપ્શન પ્રવૃત્તિ હવે પછીના માસની સીરીઝમાં શિફ્ટ થયેલ છે. ફેબ્રુઆરી સીરીજમાં ૫૬૦૦ના પુટ ઉપર અને ૬૦૦૦ ના કોલ ઉપર હાયર ઓપન ઈન્ટરેસ્ટ જોવા મળેલ છે, જે નજીકના ગાળાની બજારમાં રહેનાર ટ્રેડીંગ રેન્જ દર્શાવે છે. ૫૪૦૦ના પુટતર ઉચ્ચતમ

**અનુસંધાન પા.નં. ૨ ઉપર**

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5495 | 5567 | 5629 | 5696 | 5772 | 5855 | 5932 |
| Sensex | 18309 | 18540 | 18779 | 19007 | 19247 | 19504 | 19768 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**એસ કુમાર સિવાય ભલામણ કરેલ ઘણા શેરના સ્ટોપલોસ આવી ગયા**

| STOCK | Reco. Price | Tgt | Reached |
|---|---|---|---|
| Sell JetAir | 663 | 622 | 582 |
| Sell CentTex | 376 | 362 | 351 |
| Sell BajajAuto | 1246 | 1216 | 1223 |
| Sell BOI | 417 | 404 | 408 |
| Sell JsWSteel | 969 | 948 | 955 |

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|
| SELL SASKEN | 161 | 166 | 153 | 143 |
| SELL ACC | 996 | 1003 | 983 | 968 |
| SELL APIL | 612 | 623 | 598 | 581 |
| SELL PNB | 1125 | 1138 | 1107 | 1088 |
| SELL ESCORTS | 147 | 150 | 141 | 134 |

**સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૯૪૩૩ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૮૭૫૫ છે.**

રહેશે કે પછી બજાર તેને તોડવાનું પસંદ કરશે અને આ પછી નીચેની સપાટી દર્શાવશે. હાલના ટેકનિકલ ચિત્ર તરફ નજર કરીએ તો બીજો દેખાવ રમત રમી જાય તેમ વધારે લાગે છે. આ ઉપરાંત બંન્ને ઈન્ડેક્ષોએ મંદીમય હેડ અને શોલ્ડર પેટર્ન બ્રેકઆઉટ આપેલ છે અને તેથી સેન્સેક્ષનો હવે પછીનો લક્ષાંક ૧૭૮૮૪ અને નિફ્ટીનો હવે પછીનો લક્ષાંક ૫૩૫૨ રહેશે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૮૯૧૧ પોઈન્ટથી થઈ, ૧૯૧૬૭ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૮૭૭૯ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૯૦૦૭ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. આ રીતે સેન્સેક્ષે

૫૮૯૪)નીચે ચાલી રહેલ છે જ, પરિણામસ્વરૂપ મધ્યમ ગાળાની તેમ જ ટૂંકા ગાળાની મંદીમય રૂખ ચાલુ જ રહે છે. બંને ઈન્ડેક્ષોએ તેમની ૨૦૦ ડી એમ એ ને સફળતાપૂર્વક સ્પર્શ કરેલ છે તેથી લાંબા ગાળાની રૂખ તો હજુ ઉર્ધ્વમૂખી છે જ અને હાલમાં પણ તે ૨૦૦ ડી એમ એ ની ટેકાની સપાટીએ (સેન્સેક્ષ ૧૮૭૦૧ અને નિફ્ટી ૫૬૧૪ લટકી રહેલ છે. જો કે હજુ આપણે ભયાનક ઝોનની બહાર નથી અને હજુ પણ ૨૦૦ ડીએમએ ની સપાટીને સ્પર્શવાની અથવા તો આ સપાટી તૂટવાની શકયતાને કોઈ નકારી શકે તેમ નથી.

બંને ઈન્ડેક્ષોએ ૨૦૦ ડી એમ એ ઉપર ટેકો લીધેલ છે અને હવે તે ટૂંકા ગાળાની એક ફ્રેમમાં પુલબેક દર્શાવી રહેલ છે. જો આપણે હાલ તુરતના સેન્સેક્ષના ૨૦૬૬૪ થી ૧૮૭૭૯ના ઘટાડાને ધ્યાનમાં લઈએ તો રિટ્રેસમેન્ટ સપાટી ૧૯૪૯૯-૧૯૭૨૨-૧૯૯૪૪ આવે. આ જ રીતે નિફ્ટી, જો આપણે નિફ્ટીના

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

**Sell Sasken 161 SL166 Tgt 153-143**



**Sell Alstrom proj. 612 SL 623 Tgt 598-581**



# ૨૦૧૧ની શરુઆતથી જ શરુ થયેલ મંદીની મકર સંક્રાંતિ પુરી અને આવતા સપ્તાહથી તેજીની મહાશિવરાત્રીની શરુઆત

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**માર્ગ લી.**
**બીએસઈ કોડ ૫૩૦૫૪૩**
**હાલનો ભાવ રૂ.૧૩૦**

ઉપર જણાવ્યા મુજબ ૨૦૧૧ની જાન્યુઆરીની શરૂઆતથી જ શરૂ થયેલ મંદીનો માહોલ આ સપ્તાહમાં એટલે કે મકરસંક્રાંતિ પછી ધીરે ધીરે ઠરીઠામ થતો હોય તેવું જોવા મળેલ છે. તેમાં પણ ખાસ કરીને શેરબજાર માટે હાનિકારક મોંઘવારીના રાક્ષસે કૂદકા મારવાનું બંધ કરી એટલે કે ઘણા લાંબા સમય પછી મોંઘવારી આંક ઘટાડા તરફી આવ્યો એટલે કે ૧૫.૫૨ ટકા આવ્યો, તેમ જ કેન્દ્રિયનાણાંમંત્રી દ્વારા આવતા બજેટમાં ખાસ કરીને વિદેશમાં પડેલ કાળું નાણું લાવવા માટેના તમામ પ્રયાસો થશે તેવી જાહેરાત કરતાં શેર બજારમાં આશાનું

પોતાના વ્યવસાયમાં ખૂબ જ ઉંચું નામ ધરાવે છે. તો આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૫ અને કમાવવાના ૫૦ છે. તો ડીલીવરી બેઈઝ રોકાણ કરવું હિતાવહ રહેશે.

**ડી એલ એફ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૬૮**
**હાલનો ભાવ રૂ.૨૫૨**

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

ટકા જેટલો તૂટી ગયો છે. કંપનીનું ફન્ડામેન્ટલ જોતાં આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૧૦ અને કમાવાના ૧૦૦ છે તો ડીલીવરીબેઈઝ રોકાણ કરવું ઉત્તમ રહેશે.

**સીનેમેક્ષ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૦૭**
**હાલનો ભાવ રૂ.૫૪**

મલ્ટીપ્લેક્ષ એટલે કે મનોરંજનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની આઈપીઓ પ્રાઈઝ ૧૪૦ કરતાં બહુ જ ઓછા ભાવે ઉપલબ્ધ છે. કંપનીના સમગ્ર ભારતમાં ૨૫ થી ૩૦ મલ્ટીપ્લેક્ષ છે. અને આવનાર દિવસોમાં ઘણાં બધાં મલ્ટીપ્લેક્ષ બનાવશે. ફીલ્મ ઉદ્યોગનું ભાવી જોતાં, આ કંપનીનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે. આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ તમને એક થી બે

## આવતા સપ્તાહમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમ જ રિઅલ એસ્ટેટના શેરોમાં આગ ભભૂક્તી તેજી

કિરણ ફરીથી જોવા મળ્યું, અને ૨૦૧૧ માં પહેલી વાર મુંબઈ શેર બજાર આંક સાપ્તાહિક લગભગ ૧૦૫ પોઈન્ટના વધારા સાથે ૧૯૦૦૭ પોઈન્ટે બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**માર્ગ લી.**
**બીએસઈ કોડ ૫૩૦૫૪૩**
**હાલનો ભાવ રૂ.૧૩૦**

ચેન્નાઈ સ્થિત આવેલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમ જ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની પાસે હાલમાં સરકારી તેમ જ બિન સરકારી કરોડો રૂપિયાના ઓર્ડરો હાથ પર છે. કંપની

કન્સ્ટ્રક્શન તેમ જ રિઅલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલ અને સમગ્ર ભારતમાં તેમ જ પશ્ચિમના દેશોમાં કન્સ્ટ્રક્ચરના વ્યવસાયમાં જેનું નામ મોખરે છે તેવી ડી એલ એફ ગ્રુપની આ કંપની છેલ્લા ૨૦ દિગસની મંદીમાં લગભગ ૫૦ ટકા તૂટી ગયો છે. તો કંપનીનું કામકાજ તેમ જ મિલકતો જોતાં આ કંપનીમાં હાલના ભાવે આંખો મીંચીને રોકાણ કરી શકાય.

**એચ ડી આઈ એલ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**
**હાલનો ભાવ રૂ.૧૬૦**

ઈન્ફ્રાસ્ટ્રકચર અને હાઉસીંગ ડેવલપમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર છેલ્લા એક માસમાં ૪૦

વર્ષમાં લાખો પતિ બનાવી શકે તેમ છે.

**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૨૨**

જાણીતા બીગબુલ ટ્રેડર શ્રી રાકેશ ઝૂનઝૂનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીનો શેર છેલ્લા બે વર્ષમાં થયેલ તેજીમાં નકારાત્મક સાબિત થયેલ છે. જે ૨૦૧૧ માં ખૂબ સારું વળતર આપી શકે તેમ છે. એજયુકેશન સેકટરનું ભવિષ્ય જોતાં આ સેકટરનો આ શેર હાલમાં પાણીના ભાવે ઉપલબ્ધ છે, તો લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

**માર્ગ લી. ના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા જીવનને કટલેસ જેવું સુંવાળું બનાવો**

# આ સપ્તાહે ઘડિયાળ, બેવરી, ડીસ્ટીલરી અને ટેક્ષટાઈલ્સ ક્ષેત્રને સારો જયોતિષિય સહયોગ

**તા.૨૪ જાન્યુઆરી થી ૨૮ જાન્યુઆરી , ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા કન્યા, તુલા અને વૃશ્ચિક રાશીમાં ભ્રમણ કરશે, રાહુ, બુધ અને પ્લુટો ધન રાશીમાં, સૂર્ય અને મંગળ મકરમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુન રાશીમાં, શનિ કન્યા રાશીમાં, શુક્ર વૃશ્ચિકમાં, ગુરુ અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે. નેપ્ચ્યુન કુંભ રાશીમાં રહેશે.

**સાવચેતી રાખો**

**ગ્રહોકીય સ્થિતિ અસુવિધાજનક છે તેથી સાવચેતી રાખો, તે કારણે બજારમાં ભ્રામકતા અને ભારે ચંચળતા રહે. ગ્રહોકીય સ્થિતિ સૂચવી રહેલ છે કે નકારાત્મક સમાચારોનો વહેતો પ્રવાહ ચાલુ જ રહેશે.**

**બજારમાં એક અથવા બે દિવસથી રેલીથી ગેરમાર્ગે દોરવાતા નહીં. જયોતિશીય દ્રષ્ટિએ પરિસ્થિતિ ભ્રામક રહેશે.**

**જયોતિષિય ગ્રહોની સ્થિતિને કારણે આ માસના અંત સુધી બજાર ચંચળતાપૂર્ણ અનો અનિયમિત રહેશે.**

**નીચે દર્શાવેલ ક્ષેત્ર જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.**

**ઘડિયાળ :** ટાઈટન અને ટાઈમેક્ષ

**બેવરી / ડીસ્ટીલરી :** યુનાઈટેડ સ્પિરિટ, જગતજીત ઈન્ડ અને એમ્પી ડીસ્ટીલરી

**ટેક્ષટાઈલ :** બી આર એફ એલ, આલોક ઈન્ડ., સેન્ચ્યુરી અને અરવિંદ વગેરે

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# ન્યૂઝ ટ્રેક

## કોંગીના સ્ટીંગ ષડયંત્ર સામે સાવધ રહેવા મોદીનું સૂચન



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત પ્રદેશ ભાજપાની મળેલી કારોબારીનું સમાપન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા સ્ટીંગ ઓપરેશનના અનેકવિદ પ્રકારના ષડયંત્રો ચાલી રહ્યા છે કારણ કે કોંગ્રેસ યુપીએ સરકાર સામે દેશની જનતાનો ભરોસો ઉઠી ગયો છે. ભાજપાને બદનામ કરવા માટેના આવા ષડયંત્રોથી સાવધ રહેવા તેમણે ચેતવણીનો સૂર ઉચ્ચાર્યો હતો.

નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશની જનતાનો કોંગ્રેસ પ્રત્યેનો વિશ્વાસ ઝડપથી ઓસરી રહ્યો છે અને જનતા જ ભાજપના હાથમાં દેશનું શાસન સોંપશે તેવું વાતાવરણ સર્જાઈ રહ્યું છે.

ભાજપાના દરેક ચૂંટાયેલા પ્રતિનિધિઓ મહિને એકવાર ટિફિન બેઠકો કરીને જનસંપર્ક નિરંતર જાળવે તેવો ભારપૂર્વક અનુરોધ મુખ્યમંત્રીએ કર્યો હતો.

કચ્છમાં સમૂહના મોજાથી ૨૫૦ મેગાવોટ વીજળી પેદા કરવાના એશિયાનો સૌથી મોટો ટાઈટલ પાવર પ્રોજેક્ટ સ્થાપવાનો છે અને બ્રિટિશ કંપની સાથે કરારો થઈ ગયા છે. તેને નિર્દેશ કરી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આખા વિશ્વમાં ઉપગ્રહ ટેકનોલોજી દ્વારા વિકાસ શિક્ષણ ક્ષેત્રોમાં ઉત્તમ કોઈ કામ થયું હોય તો ગુજરાતે કર્યું છે. ટેકનોલોજી દ્વારા ગુજરાત વિકાસના નવા આયામોથી કેટલી ઊંચાઈ ઉપર પહોંચી ગયું છે. તેની ભૂમિકા સમજાવી તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

## ગુજરાતનું ટુરિઝમ કેપિટલ કચ્છ બનશે : મોદીનો દાવો

ધોરડોમાં ભાજપાની પ્રદેશ કારોબારીમાં ઉપસ્થિત રહેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રણોત્સવના આયોજન-વ્યવસ્થાપનની જવાબદારી સંભાળનારા કચ્છ જિલ્લા વહીવટીતંત્રના કર્મયોગી-અધિકારીઓના પ્રતિભાવો જાણ્યા હતા. તેમણે સમગ્રતયા ટીમકચ્છની કામગીરીની પ્રસંશા કરી હતી અને રણોત્સવમાં આવેલા પ્રવાસીઓના પ્રોત્સાહક પ્રતિસાદનો ઉલ્લેખ કરી જણાવ્યું કે વર્ષ ૨૦૧૧માં કચ્છમાં ઓછામાં ઓછા એક લાખ પ્રવાસીઓ આવે એવા નવીનતાસભર આકર્ષણો સાથે કચ્છનું પ્રવાસન રોજગાર ધંધાની વિશાળ ક્ષિતિજો ખોલે તેવું ધ્યેય રાખવાનું છે. મુખ્યમંત્રીએ ટેન્ટ સિટીના કચ્છના સ્થાનિક ગામોના વતનીઓ ખાનગી ધોરણે ભૂંગાનું હોમ-સ્ટે ટુરિઝમ કલ્ચર વિકસાવે તે દિશામાં સરકાર ઉત્સુક છે. જેમાં સ્થાનિક લોકોને હોસ્પિટાલિટી મેનેજમેન્ટ (આતિથ્ય વ્યવસ્થાપન)ની તાલીમ આપી તૈયાર કરી શકાય. આ ઉપરાંત શાળા-કોલેજોમાં કચ્છની હેરિટેજ-વિરાસતો વિષયક નિબંધ-વકતૃત્વ સ્પર્ધાઓ યોજીને નવી પેઢીમાં ટુરિસ્ટ ગાઈડની કારકિર્દીને પ્રોત્સાહિત કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

રણોત્સવ દરમિયાન હિન્દ-પાક સરહદનું નિરીક્ષણ કરવા માટે પ્રવાસીઓએ દર્શાવેલા પ્રતિસાદને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી સીમાસુરક્ષા દળ દ્વારા ટેન્ક, બંકર, વગેરે પ્રવાસીઓ નિહાળી શકે અને તસવીરો લઈ શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરવા અનુરોધ કર્યો હતો.

**ઈન્ડિયન સિસ્મોલોજીનો શનિવારથી સેમિનાર**

**સોનાની ખાણ પૂરવાર થાય તેવી સલાહ માટે વાંચતા રહો : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

તંત્રીની કલમે....

# ભૂતકાળમાં સર્જાઈ ગયેલી ભૂતાવળ શું જીવતી જ રાખવી છે કે વિકાસ આગળ ધપાવવો છે ?

**મિત્રો,**

ગુજરાતમાં જાણે એક કાળી રાત આવી અને ભયાનક સ્વપ્નોની વણઝાર છોડીને ચાલી ગઈ, અને એ સ્વપ્નોના પડછાયા હજુ પણ આપણી આજુ બાજુ ઘૂમી ઘૂમીને ગુજરાતના અવિરત થતા વિકાસને નાથવા માટે રાક્ષસી નાચ કરી રહ્યા હોય તેવી પરિસ્થિતિ ઘણી વાર જોવા મળી રહેલ છે. હા અમે વાત કરીએ છીએ કોઈને પણ ન ગમે તેવાં હુલ્લડોની, કે જેમાં ગરીબોએ તેમની રોજગારી ગુમાવી, ઘણી માતાઓએ પોતાના ખોળાના ખુંદનારને ગુમાવ્યા અને ઘણી સ્ત્રીઓને માથાનું સીદુર ભૂંસવાનો વારો આવ્યો, કાળ જાણે કારમી ચીચીયારીઓ પાડી હસી રહ્યો હોય તેવો એક સમય ગુજરાત ઉપરથી વાવાઝોડા સ્વરૂપે પસાર થઈ ગયો, કોનો વાંક હતો, કોણ ખરાબ અને કોણ સારું, એની ઝંઝટમાં આપણે પડતા નથી, કારણ કે જે કંઈ પણ બન્યુ તે સારું તો નથી જ બન્યું અને તેણે 'જયાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત' એવી શાંતિપ્રિય અને વેપારકૌશલ્ય વાળી પ્રજાની જન્મભૂમી ગુજરાતના મોઢે વિશ્વભરમાં કાલિમા તો ચોપડી જ દીધી છે, પરંતુ હવે તે સમય પુરો થઈ ગયો, બુધ્ધિશાળી માણસોએ ગયેલું યાદ ન કરવું, ફરી એવું ન બને તેનું ધ્યાન રાખવું જોઈએ.

પરંતુ આપણે જાણીએ જ છીએ કે બે બિલાડીના ઝઘડામાં વાંદરો વહીવટ કરી જાય, આવું જ બની રહેલ છે આ જે કંઈ બન્યું તે સામે આપણી સરકાર અને કોર્ટ કાર્યવાહી કરવા સક્ષમ છે જ છતાં તીસ્તા સેતલવાડ કે જેના વડપણ હેઠળ સેન્ટર ફોર જસ્ટિસ એન્ડ પીસ ચાલે છે, ઓફીસ મુંબઈમાં છે તેઓએ આ રમખાણોમાં જેમને નુકશાન થયું છે તેવી વ્યક્તિઓમાંના માત્ર લઘુમતિઓના હમદર્દ બની દોડી આવ્યા અને કોર્ટ કેસ સુધીની કાર્યવાહી પણ કરી નાખી. જે આ ચિત્રમાં જ નથી તેવો અન્ય ધર્મ પાળે છે તેઓ મડદા ઉપરના ગીધની માફક આ પ્રસંગનો લાભ લેવા માટે દોડી આવ્યાં, વિદેશી માનવ અધિકાર ગ્રુપની દરમ્યાનગીરી નોતરવા માટે પણ પ્રયત્ન કર્યો, શું અહીંની કોર્ટ ન્યાય આપવા સક્ષમ નથી, તેમની કામગીરીમાં વિદેશી દબાણ લાવવા તેમ જ જીનીવા ખાતેની ઓફીસ ઓફ હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટસનો સંપર્ક કરવા માટે સુપ્રીમકોર્ટે તિસ્તા સેતલવાડની ઝાટકણી તો કાઢી જ છે પરંતુ આવું કરવા પાછળ તિસ્તા સેતલવાડનો હેતુ શું છે તે એક રહસ્ય છે.

તિસ્તા સેતલવાડ એનજીઓ ચલાવે છે, તેને મદદ કરવા માટે વિદેશોમાંથી ફંડ પણ મેળવે છે, આ ફંડ આપનાર આકાઓ કઈ શરતે તિસ્તા સેતલવાડને ફંડ આપે છે, કયાંથી કેટલું ફંડ આવ્યું વગેરેની તપાસ થવી જોઈએ. સુપ્રિમ કોર્ટ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ) જે ગોધરાકાંડ પછીનાં હુલ્લડ કેસની તપાસ કરી રહેલ છે તેઓએ તીસ્તા સેતલવાડના જ એક સાથી રહીસખાનનો જવાબ લીધેલ અને રહીસખાને સ્પષ્ટ જણાવેલ કે તિસ્તા સેતલવાડ દ્વારા અસરકૃતોને ટોર્ચર કરી, દબાણ હેઠળ લાવી, છેતરીને 'ઈન્ટરેસ્ટ ઓફ કોમ્યુનીટી'ના નામે ખોટાં સોગંદનામાં કરાવવામાં આવેલ છે ' આ બધું શા માટે થઈ રહેલ છે., તેમનું ટ્રસ્ટ અસિમિત વિદેશી ફંડ મેળવી રહેલ છે, આ સામે તપાસ કરવી જોઈએ તેવું કહેવાય છે ખરું, પણ કોણ કરશે, હાલની સત્તાપરની કોંગ્રેસ સાથે તો તેમના મીઠા સંબંધ છે, અને સોનિયાગાંધીના સુપુત્ર તો હવે હિન્દુઓને આતંકવાદી ઠરાવવા બેઠા છે. તિસ્તા બેને આતંકવાદ સામે હજુ સુધી કોઈ પ્રશ્ન કેમ ઉઠાવ્યો નથી ? પાંચ લાખ કાશ્મિરી પંડીતોને પોતાનું માદરે વતન છોડી કાશ્મિરમાંથી ભાગવું પડયું, ઘણાના જીવ પણ ગયા, આજે પણ તેઓ જમ્મુ અને દિલ્હી રાહત કેમ્પોમાં રહેલા જોવા મળે છે, આ માટે તીસ્તાબેને તેમના મેગેઝીનમાં કેટલા લેખ લખ્યા, ભારત સરકારને કેટલી રજૂઆતો કરી ? આતંકવાદીઓએ મુંબઈમાં તાજ હોટલમાં કરેલ હુમલામાં પણ ઘણા લોકો મરી ગયા, બોમ્બ વિસ્ફોટો થવાને કારણે પણ ઘણા લોકો મરી ગયા, તીસ્તા બેને આ માટે કોઈ હીલચાલ દર્શાવી છે ? શું આ લોકો માનવ નથી ? કે પછી માનવ અધિકાર છે માત્ર પૈસા ભેગા કરવા માટે ?

આ માટે ઘણી વખત તિસ્તાબેન સામે આંગળી ચિંધવામાં આવી છે, તો તે સામે તેઓ કેમ પડકાર ફેંકતા નથી, કે અમને મળેલ તમામ ફંડની વિગતો, રીસીપ્ટ અને પત્રવ્યવહાર તમે ચકાસી શકો છો ? મુંબઈ ખાતે એક સ્ટેડીયમ બુક કરો અને ન્યુઝપેપરમાં જાહેરાત આપોને કે તમારા સંતોષ માટે તમે અમારી પાસે હિસાબો જોઈ શકો છો ? પરંતુ ટ્રસ્ટના નામે ગેરકાયદેસર જમીન પચાવી પાડવાના દાવા જેના પર થતા હોય, પરદેશમાંથી કોઈ ખાસ હેતુ માટે ધનની મદદ થતી હોય તે આવું કરે કઈ રીતે ? શું પરદેશીઓ આ ધન ભારતના વિકાસ માટે મોકલે છે ? પછી અહીં આગ લગાવવા અને લાગેલી આગ બૂઝી ન જાય તેની તકેદારી રાખવા ? આપણે સમજી જવાની જરૂર છે.

આ રીતે વારંવાર આવા પ્રશ્નો વર્તમાન પત્રોમાં અને સમાચારોમાં વહેતા હોઈ કેટલાક લાગણીશીલ નાગરિકો ખોટા ઉશ્કેરાઈ જાય અને વાર તહેવાર ફરી કોમી કરી બેસે તેવો તો પ્રયત્ન નથી ને ? વાસ્તવમાં હિન્દુ અને મુસલમાન વચ્ચે કોઈ વૈમનસ્ય નથી, હિન્દુ મુસલમાનના ગ્રાહક છે અને મુસલમાન હિન્દુના, કોઈ વૈમનસ્ય નથી, પરંતુ આવાં ભૂતકાળનાં ભયાનક શબ ખભા પર ઉંચકીને આપણે જો ચાલતા જ રહીશું, આ શબનો વેપાર કરીને એનજીઓ જેવી સંસ્થાઓ પોતાનું અસ્તિત્વ જાળવતી રહેશે તો શું આપણે વિકાસ કરી શકીશું ? દરેકે વિચારવાનો સમય આવી ગયો છે.

જો કે મુસ્લિમોની ટોચની સંસ્થા દારૂલ ઉલુમ દેવબંધના નવા ચૂટાયેલા વડા મૌલાના ગુલામ મોહમદ વસ્તાનવીએ એક સરસ વાત કરી છે, તેમણે જણાવ્યું છે કે રમખાણોની કડવી યાદોને ભોંયમાં ભંડારી દો, અને નવી શરુઆત કરો, વિકાસ તરફ આગળ વધો, પતંગ અને વરઘોડા જેવા પ્રસંગોએ પણ થતાં નાનાં નાનાં છમકલાંને ટાળો, સૌ ધર્મનો વાડો ભૂલી, કડવી યાદો ભૂલી વૈમનસ્ય ન રાખો અને સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના ચાળે ન ચડો તો વિકાસ શકય બનશે. આવો મૌલાના ગુલામ મોહમદ વસ્તાનવીએ સૂચવ્યું તેમ આપણે એક થઈ હાથમાં હાથ પરોવી આગળ વધીએ, સમય જતાં ગુજરાતની આ કાલીમા પણ ભૂસાઈ જશે અને વિશ્વમાં ગુજરાતનો ડંકો વાગે છે તે વાગતો રહેશે. શ્રી નરેન્દ્રમોદી જેવા દીર્ગદ્રષ્ટા મુખ્ય પ્રધાન જયારે ગુજરાતનો ડંકો વિશ્વમાં વગાડી રહ્યા છે ત્યારે આપણે પણ ફૂલ નહીં તો ફૂલની પાદડી જેટલું કંઈક કરીએ, વિચારો વૈમનસ્યના નહીં, વિકાસ પથના કરીએ.

**જય હો,**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,** **નરેન્દ્ર જોષી, એડીટર**

**નવો ઈસ્યુ પા.નં. ૭ નું ચાલુ**

બીજું ઉત્પાદન એકમ ઉભું કરી તેમ જ જે હયાત છે તેનું વિસ્તૃતિકરણ કરી રહી છે તે જોતાં જણાય છે કે વિકસતા જતા ફાર્મા સેકટરમાં આ કંપની પણ એક ઉમદા કંપની બની રહે. લીસ્ટીંગ ગેઈન તેમ જ લાંબા ગાળા માટેનું રોકાણ હિતાવહ રહેશે.

# ભારતીય શેર બજારમાં ટૂંકાગાળા માટે ભારે વોલેટાલિટી જોવા મળે

વાંચક મિત્રો,

વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો, અને ભારતીય કોર્પોરેટ કંપનીઓના સંતોષકારક પરિણામો થકી ગત સપ્તાહે ભારતીય શેર બજારમાં સામાન્ય ઉતાર ચઢાવ જોવા મળેલ. છેલ્લા કેટલાક સમયથી ચાલતી આક્રમક વેચવાલી ઘણા અંશે ગત સપ્તાહે શાંત પડી હતી જેનાથી રોકાણકારોને સામાન્ય રાહત થઈ હશે તેવું માની શકાય. ગત સપ્તાહે વોલેટાલિટી ઈન્ડેક્સ એક માસની સર્વોચ્ચ સપાટીએ જોવા મળેલ. આગામી સપ્તાહે ૨૫ જાન્યુઆરીએ આરબીઆઈની નાણાંનીતિ, સપ્તાહના મધ્યમાં જાહેર રજા અને ફ્યુચર સિરીઝની એક્સપાયરી હોવાથી બજારમાં તીવ્ર

**રોકિંગ ટીપ્સ મેકર્સ**



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

વોલેટાલિટી જોવા મળી શકે છે. વોલેટાલિટી ઈન્ડેક્સના ચાર્ટ તપાસતા ૨૦ થી ૨૩ ની શક્યતા નકારી ન શકાય. આગામી સપ્તાહે સેન્સેક્સમાં ૧૮૭૯૯ ઉપર તેજીની ચાલ જોવા મળે.

**નિફટી ટેકનીકલ્સ (૫૬૯૬.૫૦) :**

સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફટી સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે નિફટીમાં એક મુખ્ય અવરોધ ઉપર બંધ ન આવે ત્યાં સુધી વોલેટાલિટીના સંકેતો આપે છે. આગામી સપ્તાહે નિફટીમાં એક મુખ્ય અવરોધ અને ટેકાથી જે તરફ બ્રેકઆઉટ મળે ત્યાંથી ૧૮૦ પોઈન્ટની કમાણી ચોક્કસ દેખાય છે. બાકી ૫૭૬૬ થી ૬૧૦૦ સુધીની વાત પણ અમોને જ કરેલ જે વાચક મિત્રો જાણતા હશે.

**લાંબાગાળાના રોકાણકારો માટે**

**આઈડીએફસી (બીએસઈ કોડ ૫૩૨૬૫૯) (૧૫૭.૨૦) :**

તમિલનાડુ સ્થિત કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર લક્ષી વ્યવસાય માટે એચડીએફસીના રિટેઈલ નેજા હેઠળ અલગ કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફાઈનાન્સ કંપની નામની અલગ કંપની સ્થાપવામાં આવેલ. જે એચડીએફસીના ધીરાણોથી વિપરીત મોટા પ્રોજેકટ માટે બલ્ક ધિરાણો આપવાનું કામકાજ કરે છે.

વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ના કરકેશનમાં આ કંપનીને વિદેશમાંથી નીચા વ્યાજના ભંડોળો મેળવવા મુશ્કેલ બની જશે તે પ્રશ્ન ઊભો થયો હતો. તાજેતરમાં સરકારે આઈડીએફસીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થા તરીકે સ્થાન આપ્યા પછી કંપની રૂા. ૩૪૦૦ કરોડ લાંબાગાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ દ્વારા ઊભા કરશે. બોન્ડમાં રૂા. ૨૦૦૦૦ સુધીનું રોકાણ કરમાફ છે. આ ઉપરાંત રૂા. ૧ લાખ સુધીનું રોકાણ અન્ય કરમાફ બચત સ્કીમોની જેમ મળી શકશે. માર્ચ ૨૦૧૧ સુધીમાં ભંડોળ એકત્ર કરવાનું કંપનીનું લક્ષાંક છે.

શેરની વર્તમાન બુકવેલ્યુ રૂા. ૬૪.૯૨ છે જયારે ફેસવેલ્યુ રૂા. ૧૦ છે. શેરનો વર્તમાન પીઈ રેશિયો ૨૦.૧૧ ટકા છે. અને ચાલુ વર્ષ માટે કંપનીએ ૭.૮૪ ટકાના દરે ઈપીએસ દર્શાવેલ છે. કંપની દર વર્ષે ૧૫ ટકા ઉપર ડિવિડન્ડ આપે છે. આઈડીએફસી ઓવરસિઝ પાર્ટીઓ પાસેથી પણ રૂા. ૩૦૦૦ કરોડનું ભંડોળ ઊભું કરવા માંગે છે.

વર્તમાન રૂા.૩૫૦૦૦ કરોડની બેલેન્સશીટ ધરાવતી કંપની આગામી સમયમાં રૂા. એક લાખ કરોડનો પોર્ટફોલિયો ઊભો કરવા તૈયારી કરી રહી છે. જેનાથી કંપનીની નફા શક્તિમાં મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે.

**ટેકનીકલી ચાર્ટ (આઈડીએફસી) :**

ટેકનીકલી ચાર્ટ ઉપર શેર સપ્તાહના અંતે સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે સ્ટોકમાં મુખ્ય અવરોધ પાર ન કરે ત્યાં સુધી નેગેટિવ કન્સોલીડેશનના સંકેતો આપે છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર હેડ એન્ડ સોલ્ડરની ઈન બોટમ રિવર્સલની રચના બનાવે છે જે શેરમાં નજીકના એક મુખ્ય અવરોધ પાર કરી તેના ઉપર બંધ આપે તો આકર્ષક ઉછાળાના સંકેતો આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં ઘટાડે તબક્કાવાર મર્યાદિત માત્રામાં લાંબાગાળાનું રોકાણ કરવાનું સૂચન કરે છે.

ટેકનીકલી જોતા શેરમાં મુખ્ય ટેકાથી ૪૦ ટકા જયારે એક મુખ્ય અવરોધ પાર કરતા ૨૪ ટકા ઉપર ઉછાળાના સંકેતો આપે છે. રિયાલ્ટી સ્ટોક્સમાં ફસાયેલા રોકાણકારોએ આઈડીએફસીમાં શિફ્ટ થઈ જવું ખુબ જ સલાહ ભરેલ છે. થોડાક સમય પહેલાં આપેલ રૂા. ૨૩ની ભલામણ ભંડારી હોઝીયરી એ બમ્પર ૧૦૦ ટકા વળતર આપેલ છે જે રોકાણકારોએ રોકાણ કરેલ તેમણે રૂા. ૫૦ આસપાસ ૪૦ ટકા નફો ઘરભેગો કરવો.

# નિફટીનો ટેકો ૫૬૩૦ થી ૫૫૭૦, પ્રતિકારક સપાટી ૫૮૫૦ થી ૬૦૦૦

**૨૧ જાન્યુઆરી ૨૦૧૧**

**શુક્રવાર**

**ટેકનીકલ ટ્રેન્ડ**



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE : www.stockacademy.co.in**

નિફટીનો ટેકો ૫૬૩૦ થી ૫૫૭૦ , પ્રતિકારક સપાટી ૫૮૫૦ થી ૬૦૦૦ છે. બજાર ઓવરસોલ્ડ રીજીઅનમાં છે અને ૫૮૫૦ સુધી બાઉન્સ થાય તેવી શકયતા છે પરંતુ તે ૫૮૬૦ ઉપર ટકી રહે તે મુશ્કેલ જણાય છે. તેથી મધ્યમગાળાના રોકાણકારોએ ૫૮૬૦ની સપાટીએ તેમની લોંગ પોઝીશનમાંથી નિકળી જવું. બીજી બાજુ ૫૫૭૦ની સપાટીએ ખરીદી કરવાની ભલામણ છે.

## પોઝીશનલ ખરીદવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| ABB | 730 | 725 | 770 |
| ABIRLANUVO | 720 | 710 | 760 |
| BAJAJHLDNG | 740 | 730 | 780 |
| BPCL | 570 | 560 | 610 |
| CENTURY TEXT | 350 | 340 | 390 |
| CESC | 310 | 300 | 350 |
| ESCORT | 140 | 135 | 160 |
| FORTIS | 131 | 125 | 140 |
| HDIL | 150 | 145 | 175 |
| IDFC | 150 | 145 | 165…170 |
| LT | 1550 | 1500 | 1700…1800 |

# બજારો આરબીઆઈની પોલિસીની રાહ જૂએ છે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૯૦૦૭.૧૩) અને નિફટી (૫૬૯૬.૫૦) બંન્ને ૦.૦૮ ટકા અને ૦.૦૭ ટકા વધીને બંધ આવ્યા હતા.

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

નિફટી ફયુચર જાન્યુઆરી ૪.૦૧ પોઈન્ટના પ્રિમિયમમાં હતો. નિફટી જાન્યુઆરી ૫૭૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૮૮૦૦ **તથા રેજીસ્ટન્સ** ૧૯૨૦૦ જયારે **નિફટીમાં સપોર્ટ** ૫૬૩૦ અને **રેજીસ્ટન્સ** ૫૭૫૦ નો છે.

૨૫ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ આરબીઆઈ પોતાની નાણાંનીતિ જાહેર કરશે. અને તેમાં રેપો અને રિવર્સ રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરે તેવી સંભાવના છે. આવનાર સપ્તાહે એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક, આઈડીયા, એચડીએફસી બેંક, એચપીસીએલ અને એનએચપીસી ત્રીજા કવાર્ટર ના પરિણામો જાહેર કરશે.

એસબીઆઈ અને એલઆઈસી હાઉસિંગ ના ઓપન ઈન્ટરેસ્ટમાં જાન્યુઆરી સિરીઝમાં રસ જોવાયો હતો. એસબીઆઈ ના જાન્યુઆરી ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૨૬૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. રિલાયન્સ નાં કોલ ઓપ્શનમાં જાન્યુઆરી માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૦૦૦ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. એસબીઆઈ (૨૫૯૬.૯૦)** લોટ સાઈઝ ૧૨૫ શેર

- જાન્યુઆરી માસના સ્ટ્રાઈક ભાવ ૨૬૦૦ થી ૪૪.૫૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- જાન્યુઆરી માસના ૨૬૫૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૨૭.૧૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૪૪.૫૦ ★ ૧૨૫ = ૫૫૬૨.૫૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૨૭.૧૦ ★ ૧૨૫ = ૩૩૮૭.૫૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૫૫૬૨.૫૦ - ૩૩૮૭.૫૦ = ૨૧૭૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** := ૨૬૫૦ - ૨૬૦૦ = ૫૦ ★ ૧૨૫ = ૬૨૫૦ - ૨૧૭૫.૦૦ = ૪૦૭૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** := ૨૧૭૫.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ :** = ૨૬૧૭.૪૦

**૨. બીપીસીએલ (૫૯૧) :** જાન્યુઆરી માસ ફયુચર લોટ સાઈઝ ૫૦૦ શેર

- રૂ. ૫૯૧.૦૦ ના ભાવથી જાન્યુઆરી માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન :** જાન્યુઆરી માસ સ્ટ્રાઈક ભાવ ૬૦૦ થી રૂ.૫.૦૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** := ૫.૦૦ ★ ૫૦૦ = ૨૫૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** := ૬૦૦ - ૫૯૧.૦૦ = ૯.૦૦ ★ ૫૦૦ = ૪૫૦૦.૦૦ + ૨૫૦૦.૦૦ = ૭૦૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન :** અસિમિત

**૧. એલઆઈસી હાઉસિંગ** (૧૯૪.૦૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. આઈઓસી** (૩૨૭.૮૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# નકારાત્મક માનસિકતા વગેરે છટકામાં આવેલ લીવરેજ ટ્રેડર્સ

ગત સપ્તાહે નિફટીએ તેની ૨૦૦ દિવસની મુવીંગ એવરેજ નજીક ટેકો લીધો, અને ત્યાંથી બાઉન્સ બેક થયો, જો કે તે પુરતો મજબૂત તો નથી જ, તે ખૂબ ચંચળતાભર્યો હતો. ખાસ કરીને રોકાણકારોનું માનસ નકારાત્મક હોવાને કારણે હાલમાં જે રોકાણકારો માત્ર શેરના રોકડા કરી રહેલ છે તેઓ લીવરેજને કારણે જખ્મી થયા છે અને જેઓએ સ્ટોપલોસની પરવા કર્યા વગર રોકાણ જાળવી રાખેલ છે અને દાજી ગયા છે તેઓ પણ નુકશાન બુક કરવા માટે રાહ જોઈ રહેલ છે. શોર્ટ કવરીંગ માટે અને ૫૮૦૦-૫૮૫૦ની સપાટીને સાધ્ય કરવા માટે નિફટીએ ૫૬૯૦ ઉપર હવે ટકી રહેવું જરૂરી બની ગયેલ છે, જે હવે રિલાયન્સ અને એસ બી આઈનાં ત્રીજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો અપેક્ષા કરતાં સારાં આવવાને કારણે શકય બનશે. જો તે નીચે ટકી રહે તો ત્રીજી વખત ૫૬૩૦ની સપાટીને સ્પર્શ કરશે, જો આ સપાટી પણ તૂટશે તો ૫૫૫૦ની સપાટી આવવાની શકયતા

**ટુ ધી પોઈન્ટ**



**દિનેશ સી. નાગપાલ**
**૯૮૩૦૦૩૯૦૮૫**
bluechips4u@gmail.com

ખરી. વોલ્યુમ ઘણું ઓછું હોવાને કારણે માંગ અને પુરવઠાની ગેરહાજરીને કારણે કોઈ પણ બાજુની ગતિ લાંબા સમય ચાલશે નહીં. એફ આઈ આઈ સતત ઉત્તેજનાભરી વેચવાલી કરીને રૂપિયાને એક ડોલર સામે ૪૬ એ ધકેલી રહેલ છે.

સેટલમેન્ટ માટેનું આ અંતિમ સપ્તાહ છે અને આપણે અપેક્ષા રાખી શકીએ કે રોલ ઓવરને કારણે નિફટી ૫૬૫૦ થી ૫૮૫૦ની રેન્જમાં ચંચળતાપૂર્ણ ટ્રેડ થશે.

**નિફટી :**

**આવનાર સપ્તાહ માટેનો ટેકો :**

૫૬૩૦ / ૫૫૬૫ / ૫૫૦૦

**આવનાર સપ્તાહ માટેની પ્રતિકારક સપાટી**

૫૭૫૫ / ૫૮૧૫ / ૫૮૮૦

**આ સપ્તાહમાં ધ્યાનમાં રાખવા જેવા શેર**

**ભૂષણ સ્ટીલ (૪૨૭) ખરીદો**

દૈનિક ચાર્ટમાં આ શેર ટ્રાયેંગલ સાથે કોન્ડોલીડેશન દર્શાવી રહેલ છે. રૂ. ૪૪૫ના લક્ષાંકથી ખરીદો, સ્ટોપ લોસ રૂ. ૪૧૯ રાખો.

**પેન્ટાલુન (૩૧૮) ખરીદો**

દૈનિક ચાર્ટમાં આ શેરે લોવર હાઈ, લોવર લો પેટર્ન તોડી નાખેલ છે. ડેરિવેટિવ ડેટા શોર્ટ કવરીંગ સૂચવે છે. રૂ. ૩૪૦ના લક્ષાંક માટે રૂ. ૩૦૫ના સ્ટોપલોસથી ખરીદો.

**પેટ્રોનેટ (૧૨૯) ખરીદો**

દૈનિક ચાર્ટ પર આ શેરે બ્રેકઆઉટ આપેલ છે. તે હાલમાં તેની બધીજ મહત્વની મુવીંગ એવરેજ ઉપર ટ્રેડ થઈ રહેલ છે. રૂ. ૧૩૮ના લક્ષાંક માટે ખરીદો, સ્ટોપલોસ રૂ. ૧૨૫ રાખો.

**ટાટા ગ્લોબલ (૧૦૬) ખરીદો**

દૈનિક ચાર્ટ પર આ શેરે બ્રેકઆઉટ આપેલ છે. રૂ. ૧૧૦ના લક્ષાંકથી ખરીદો, સ્ટોપ લોસ રૂ. ૧૦૨.૫૦ રાખો.

ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન

# કોમોડિટીઝ બજારોમાં ઉછાળે વેચનારનું પ્રેશર આવ્યા કરશે

કોમોડીટીઝ માર્કેટોમાં છેલ્લા બે સપ્તાહથી નબળાઈ આવી રહી છે. મોટા સ્ટોકેસ્ટોની ભારે વેચવાલી આવી રહી છે. ફોરેનમાં ડોલર મજબૂત બની રહ્યો હોવાથી સોના ચાંદી કોપર જેવી મેટલ તથા બેઝ મેટલમાં નબળાઈ ઉપરના મથાળેથી વેચવાલી આવી રહી છે.

**સોનાની ચમક**

**જીજ્ઞેશ**

**૯૭૨૪૫૨૮૮૯૮**

હમણાં સેન્ટીમેન્ટ ખરડાઈ ગયેલ હોવાથી ઉપરના મથાળેથી સ્ટોકવાળા માલનો વેચવાલીનો મારો કરી રહ્યું હોવાથી બજારને ઉપર ટકવા મુશ્કેલભર્યું હમણાં સાવચેતી રાખવી.

કોમોડીટીઝ માર્કેટોમાં ચાર્ટની રીતે વિચારીએ તો છેલ્લાં બે સપ્તાહથી નબળાઈની ચાલ આવી રહી છે. જે સભ્યો ચાર્ટથી કામકાજ કરે છે તેઓ ને સ્પષ્ટપણે ખ્યાલ આવી જાય છે. આના કારણે તેઓ સારામાં સારું વળતર મેળવી રહ્યા છે. આ નબળાઈની ચાલ આગળ વધવાના સંકેત બતાવી રહ્યું છે.

**કોપર (૪૩૭) :** કોપરમાં ઉપરમાં ૪૪૯નું મથાળું બનાવ્યું છે. આ મથાળું કૂદાવવાના સંકેતો હાલ પુરતા સંજોગો નથી. ઉપરના ભાવથી ઘટાડો આવવો જરુરી બન્યો છે. ઉપરમાં ૪૪૪ મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે. નીચામાં ૪૩૩ મહત્ત્વની સપાટી તૂટતા કરેક્શનની ચાલ ઝડપથી આગળ વધશે. ટૂંકમાં ઉપરના મથાળેથી તેજીનો વેપાર પકડાઈ ના જાય તે ખાસ ધ્યાનમાં રાખવું.

**ક્રૂડ ઓઈલ (૪૧૦૩) :** ક્રૂડ ઓઈલમાં ધીમે ધીમે માંગ વધવાથી ભાવમાં વધારો થઈ રહ્યો છે. વધારે પડતો ભાવ સુધારો આવ્યો. ઉપરમાં નફારુપી વેચવાલી પણ આવી શકે છે. હમણાં ઉત્પાદનમાં વધારો કરવાની ચર્ચા આવી રહી છે. પરંતુ હમણાં ચાર્ટમાં નબળાઈ બતાવી રહ્યું છે. નજીકમાં ૪૧૫૭ ખૂબ જ સ્ટ્રોંગ સપાટીનું ૪૦૮૦ની સપાટી ખૂબ જ મહત્ત્વની બની છે. દૂરમાં ૪૧૮૪ સુધીનો ઉછાળો આવી શકે છે. ઉપરના મથાળે સાવચેતી રાખવી.

**નિકલ (૧૧૯૩) :** નિકલમાં ત્રણ માસ અગાઉમાં ૧૨૨૫નું મથાળું બનાવ્યું છે. પાંચ સપ્તાહથી તેજીની ચાલમાં આગળ વધી રહ્યો છે. ઉપરમાં ૧૨૧૩ નજીકની સપાટી રહેશે. નીચામાં ૧૧૮૧ ખૂબ જ મહત્ત્વની સપાટી રહેશે. ઉપરના મથાળે સાવચેતી રાખવી.

**ગોલ્ડ (૨૦૦૪૦) :** ગોલ્ડમાં ત્રણ સપ્તાહથી નબળાઈની ચાલ આવી રહી છે. આ નબળાઈની ચાલ આવનાર સપ્તાહમાં આગળ વધશે. તેવા ચાર્ટ પરથી સંકેત મળી રહ્યા છે. ઉપરમાં સુધારા થકી ૨૦૨૨૦ નજીકની સપાટી નું કામ કરશે. નીચામાં ૨૦૮૫૦ મહત્ત્વની સપાટી રહેશે. ઉપરમાં ૨૦૨૨૦ની સપાટી વટાવતા ૨૦૩૭૦ સુધીનો ઉછાળો આવી શકે છે.

**પોટેટો (૬૮૧) :**

બટાકામાં એક સપ્તાહથી નબળાઈની ચાલ બતાવી રહેલ છે. અગાઉના સપ્તાહમાં ૭૧૪નું મથાળું બનાવીને નીચામાં ૬૭૦ની બોટમ બનાવી છે. ઉપરમાં સુધારા થકી ૬૯૦ ખૂબ જ મહત્ત્વની સપાટી રહેશે. નીચામાં ૬૭૦ના ભાવથી વેપારને જાળવવો.

**લીડ (૧૧૩) :**

છેલ્લા બે સપ્તાહથી ઉપરમાં ૧૨૩ પાસેથી પાછો ફરી રહ્યો હોવાથી આ મથાળે જ નબળાઈના સંકેતો વારંવાર બતાવી રહેલ હતું. ખેર, એક જ સપ્તાહમાં ૮ ટકાનો ઘટાડો બતાવ્યો છે. આ નબળાઈ ની ચાલ આવનાર સપ્તાહમાં આગળ વધશે. ઉપરમાં ૧૧૭ સુધીનો ઉછાળો આવી શકે છે. નીચામાં ૧૧૨ તૂટતા ૧૦૭ની મહત્વની સપાટી રહેશે.

# ભ્રષ્ટાચાર, ક્રૂડમાં ભાવ વધારો, મોંઘવારી સરકાર માટે ચિંતાનો વિષય

વાંચક મિત્રો,

ગત સપ્તાહમાં એડીએ ગ્રુપરમાં કંપનીની બેલ્સ શીટમાં અવાસ્તવીકતા દર્શાવવામાં આવી હોવાથી સેબીએ એડીએ ગ્રુપ પર દંડ ફટકાર્યો હતો. જેના કારણે માર્કેટમાં વેચવાલીનું પ્રમાણ જોવા મળ્યું હતું. તમામ ક્રૂડના ભાવમાં વધારાનો કારણે પેટ્રો

**૫૮૧૨ ઉપર જ તેજીનો વેપાર કરવો**

પદાર્થોના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. તેમજ મોંઘવારીએ માઝા મુકી હોવાથી માર્કેટમાં વેચવાલીનું પ્રમાણ જોવા મળ્યું હતું. છતાં મનમોહન સરકાર ખાધ્ય પદાર્થોના સટ્ટા ઉપર બેન્ડ નથી લગાવતું. તેની પાછળનુ મુખ્ય કારણ માત્ર ભ્રષ્ટાચારી નેતાઓ છે. જયાં સુધી આવા નેતાઓના હાથમાં કૃષિ ખાતું હશે ત્યાં સુધી ગરીબ માણસ વધુને વધુ ગરીબ બનશે તેમજ મોંઘવારી લોકોને મારી નાખશે. સૌ પ્રથમ આવા ભ્રષ્ટાચારી નેતાને પદભ્રષ્ટ કરીને આકરામાં આકરી સજા કરવી જોઈએ કારણ કે મજૂર માણસ મોંઘી દાળ કે મોંઘા શાકભાજી ખાઈ ન શકતો હોવાથી તેને ભૂખ્યો મારવા આ નેતાઓએ તેની મુખ્ય ખોરાક ડૂંગળીના ભાવમાં પણ આસમાને એટલે કે ૬૦ રૂા. કિલો સુધી પહોંચાડી દીધા છે. તપાસ તો આની થવી જોઈએ કેમ આટલો કૃત્રિમ ભાવ વધારો. આટલું ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો છતાં ભાવ કેમ આસમાને ? શું મજૂર માણસો બાજરીનો રોટલો અને ડૂંગળી પાઈ ન શકે. જાગો મિત્રો જાગો અને આવા નેતા વિશે લોક જાગૃતિ ચલાવી પદ ભ્રષ્ટ કરો. આવનાર સપ્તાહમાં પણ માર્કેટ રેન્જ બાઉન્ડ જોવા મળશે. નીચે ૫૬૦૦ નિફ્ટીમાં વેચવાલી જોવા મળશે. તેમની ઉપર ૫૮૧૨ ઉપર તેજીની ચાલ જોવા મળશે. ત્યાં સુધી માર્કેટ સ્ક્રીપ વાઈજ ચાલતું જોવા મળશે.

**(૧) એચડીએફસી બેંક (૨૦૯૮.૬૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૦૯૦** અને દૂરના **૨૦૭૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૧૦૭** આ ઉપર **૨૧૨૨** આ ઉપર **૨૧૩૬** થી **૨૧૫૦** નો ભાવ જોવા મળે.

**(૨) આઈઓસી (૩૨૭.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૩૨૨** અને દૂરના **૩૧૬** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૩૩૩** આ ઉપર **૩૩૯** આ ઉપર **૩૪૫** થી **૩૫૩** નો ભાવ જોવા મળે.

**(૩) બેંક ઓફ બરોડા (૮૩૬.૦૩) :-** આ સ્ક્રીપમાં નજીકના **૮૩૧** અને દૂરના **૮૨૫** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૮૪૩** આ ઉપર **૮૪૯** આ ઉપર **૮૫૫** થી **૮૬૨** નો ભાવ જોવા મળે.

**(૪) અબાન (૭૧૩.૮૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૭૦૭** અને દૂરના **૭૦૧** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૭૨૦** આ ઉપર **૭૨૮** આ ઉપર **૭૩૭** થી **૭૪૪** નો ભાવ જોવા મળે.

**(૫) આરઆઈએલ (૯૮૬.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૯૭૯** અને દૂરના **૯૭૩** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૯૯૨** આ ઉપર **૧૦૦૦** આ ઉપર **૧૦૧૨** થી **૧૦૨૭** નો ભાવ જોવા મળે.

**(૬) મારુતિ (૧૨૫૩.૯૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૨૪૬** અને દૂરના **૧૨૩૯** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૨૫૯** આ ઉપર **૧૨૬૬** આ ઉપર **૧૨૭૩** થી **૧૨૮૪** નો ભાવ જોવા મળે.

**(૭) એજ્યુકોમ (૪૯૩.૩૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૪૮૭** અને દૂરના **૪૮૧** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૫૦૨** આ ઉપર **૫૦૮** આ ઉપર **૫૧૭** થી **૫૨૪** નો ભાવ જોવા મળે.

**(૮) એમ એન્ડ એમ (૭૭૧.૦૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૭૬૬** અને દૂરના **૭૬૦** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૭૭૮** આ ઉપર **૭૮૫** આ ઉપર **૭૯૩** થી **૮૦૨** નો ભાવ જોવા મળે..

**(૯) એક્સિસ બેંક**

**બેસ્ટ ટીપ્સ**



**રૂપેશ શાહ**

**મો. ૯૪૨૮૭૩૨૫૭૨**

rup947@yahoo.co.in

**(૧૨૮૪.૪૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૨૭૬** અને દૂરના **૧૨૬૯** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૨૯૧** આ ઉપર **૧૨૯૮** આ ઉપર **૧૩૦૬** થી **૧૩૧૫** નો ભાવ જોવા મળે..

**(૧૦) ભેલ (૨૨૧૭.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૨૧૦** અને દૂરના **૨૨૦૨** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૨૨૪** આ ઉપર **૨૨૩૧** આ ઉપર **૨૨૪૩** થી **૨૨૫૬** નો ભાવ જોવા મળે..

**(૧૧) ગ્રાસીમ (૨૪૧૧.૫૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૪૦૭** અને દૂરના **૨૩૯૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૪૧૦** આ ઉપર **૨૪૩૩** આ ઉપર **૨૪૪૧** થી **૨૪૫૭** નો ભાવ જોવા મળે..

**(૧૨) વિપ્રો (૪૫૬.૦૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૪૫૧** અને દૂરના **૪૪૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૪૬૩** આ ઉપર **૪૭૧** આ ઉપર **૪૭૯** થી **૪૮૫** નો ભાવ જોવા મળે..

**(૧૩) એસીસી (૯૯૫.૫૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૯૮૮** અને દૂરના **૯૮૨** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૦૦૦** આ ઉપર **૧૦૧૧** આ ઉપર **૧૦૨૪** થી **૧૦૩૮** નો ભાવ જોવા મળે..

# સેન્સેક્ષ માટેનું અગત્યનું રેજીસ્ટન્સ ૧૯૨૭૮/૧૯૫૪૬

**સેન્સેક્ષ**

**સપોર્ટ** : ૧૮૭૯૪/૧૮૪૨૬

**રેજીસ્ટન્સ** :૧૯૨૭૮/૧૯૫૪૬

આવનાર દિવસોમાં ટેકનીકલી સેન્સેકસ સાઈડ વે લાગે છે. સેન્સેક્ષ માટેનું હવે પછીનું અગત્યનું રેજીસ્ટન્સ લેવલ ૧૯૫૪૬

**ટ્રેડ વીથ ટ્રેન્ડ**

**અભિષેક જૈન**

investment_guru1@yahoo.com

M : 98260-41144

www.stocksidea.com

**નિફ્ટી સપોર્ટ : ૫૫૯૪/ ૫૩૩૪**

**રેજીસ્ટન્સ ૫૭૪૭/૫૮૯૯**

આવનાર દિવસોમાં ટેકનીકલી નિફ્ટી પણ સાઈડવે લાગે છે. નિફ્ટી માટે આવનાર દિવસોમાં હવે પછીનો મજબૂત રેજીસ્ટન્સ ૫૮૯૯ ઉપર રહેશે.

**એસ બી આઈ લી. (ખરીદો)**

**સપોર્ટ** :૨૪૬૫

**રેજીસ્ટન્સ** :૨૭૬૯

ટેકનીકલી આ સ્ટોક મજબૂત જણાય છે. આવનાર દિવસોમાં આ સ્ટોકમાં સારી વૃધ્ધિ જોવા મળે તેવા સંકેતો જોવા મળે છે. ટ્રેડર્સ ટૂંકા ગાળા માટે કેશ અથવા ફયુચરમાં ખરીદી શકે.

**રિલાયન્સ કોમ્યુ લી. (ખરીદો)**

**સપોર્ટ** : ૧૧૨

**રેજીસ્ટન્સ** : ૧૬૭

ટૂંકા ગાળાના ટ્રેડર્સ અને રોકાણકારોએ રોકાણ કરવા માટે આ સ્ટોક સારો જણાય છે. રોકાણકારો રોકડમાં અને ફયુચર ખરીદી શકે.

**ટૂંકા ગાળા માટેના ટ્રેડીંગ કોલ**

મજબૂત ટેકનીકલ બ્રેકઆઉટ સ્ટોપલોસ અવશ્ય રાખો

**બી.એસ.ઈ.કોડ** ૫૦૩૬૬૩
**તિલક ફાઈનાન્સ લી.**
**અને**
**બી.એસ.ઈ.કોડ** ૫૦૪૩૭૮
**રવીનય ટ્રેડીંગ કું. લી.**

**બાય એન્ડ સેલ પા.નં. ૧ નું ચાલુ**

**ટેકાની સપાટી :** ૧૮૮૬૦, ૧૮૭૪૩, ૧૮૫૪૦ અને ૧૮૨૭૫

**પ્રતિકારક સપાટી :** ૧૯૧૦૪, ૧૯૨૬૫, ૧૯૪૬૩ અને ૧૯૬૨૬

**તા.૨૪ જાન્યુઆરીના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૯૦૪૧ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૯૧૭૦-૧૯૨૬૫ રહેશે. નહીંતર તે ૧૮૭૪૩-૧૮૭૦૨ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૮૯૨૩, ૧૮૮૬૦, ૧૮૭૪૩ અને ૧૮૭૦૨

**પ્રતિકારક સપાટી :** ૧૯૦૪૧, ૧૯૧૦૪, ૧૯૧૭૦ અને ૧૯૨૬૫

**નિફ્ટી ૫૬૯૬**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૨૪ જાન્યુઆરી, ૨૦૧૧ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૧)**

આ સપ્તાહે ૫૭૨૪ અને ૫૬૫૨ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૭૨૪ ઉપર અથવા તો ૫૬૫૨ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૬૫૨, ૫૬૨૧, ૫૫૫૪ અને ૫૪૭૩

**પ્રતિકારક સપાટી -** ૫૭૨૪, ૫૭૭૪, ૫૮૩૩ અને ૫૮૮૩

**તા.૨૪ જાન્યુઆરીના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૫૭૦૬ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૭૪૫-૫૭૭૪ દર્શાવી શકે. નહીંતર નિફ્ટી ૫૬૨૧-૫૬૦૩ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૬૭૦, ૫૬૫૨, ૫૬૨૧ અને ૫૬૦૩

**પ્રતિકારક સપાટી -** ૫૭૦૬, ૫૭૨૩, ૫૭૪૫ અને ૫૭૭૪

**ઝડપી લેવા જેવા રોકડાના શેર**

**કોલ ઈન્ડિયા (૫૩૩૨૭૮) હાલનો ભાવ રૂ.૩૧૩**

રૂ. ૩૧૨ થી ૩૧૫ના ભાવે કોલ ઈન્ડિયાનો શેર ખરીદો, નજીકનો ટેકો રૂ. ૩૦૬ અને સ્ટોપલોસ રૂ. ૩૦૦ રાખો. એક માસ પછીનો લક્ષાંક રૂ. ૩૩૮ થી ૩૫૭

**મેકનેલી ભારત એન્જીનીયરીંગ (૫૩૨૬૨૯) હાલનો ભાવ રૂ.૨૨૨**

રૂ. ૨૨૦ થી ૨૨૫ ની વચ્ચે મેકનેલી ભારત એન્જીનિયરીંગ ખરીદો, નજીકનો ટેકો રૂ. ૨૦૫ અને સ્ટોપ લોસ રૂ. ૧૯૬. એક થી બે માસનો લક્ષાંક રૂ. ૨૭૦ થી ૩૦૦

**અગાઉની ભલામણ**

**અમોએ તા. ૨૪.૮.૨૦૧૦ ના રોજ રામા પેપર, બી એસ ઈ કોડ ૫૦૦૩૫૭ની રૂ. ૧૨ ના ભાવે ભલામણ કરેલ હતી, આ શેર તા. ૨૧.૧.૧૧ ના રોજ રૂ. ૩૫.૪૦ની સપાટીએ ટોપ પર હતો.**

**ગોલ્ડ માઈન પા.નં. ૮ નું ચાલુ**

૨૦૧૦ના કવાર્ટર માટે સુંદર પરિણામો બતાવ્યા છે. ૩૧-૧૨-૨૦૧૦ના કવાર્ટર માટે ૮૪ લાખનો નફો બતાવ્યો છે. જે ૩૧-૧૨-૨૦૦૯ના કવાર્ટર માટે ૩૯ લાખ હતો. આમ ૨ રૂા. ૬૦ પૈસાની ઈપીએસ બતાવી છે. ૩૧-૧૨-૦૯ના નવ મહિના માટે ઈપીએસ ૯.૩૮ પૈસાની બતાવી છે. આમ, આખા વર્ષ માટે ઈપીએસ ૧૨ રૂા. જેવી આવે છે. આમ ફક્ત ૬ના પીઈથી મળે છે.

(૩) નેટ પ્રોફીટ માર્જીન આ કવાર્ટરમાં ૧૨ ટકા આવ્યા છે. જે આગલા કવાર્ટરમાં ૧૦ ટકા હતો.

(૪) બરોડાના પ્રખ્યાત એલેમ્બીક ગ્રુપની કંપની છે જે સ્પેશિયાલિટી કેમિકલ બનાવે છે. અચુક નાની માત્રામાં લો.

આ સિવાય પોદાર પીગમેન્ટ કે જેના શેરનો ભાવ ૪૭ રૂા. છે. તેણે પણ સુંદર કામગીરી બતાવી છે. ૩૧-૩-૨૦૧૦ના વર્ષ માટે આ કંપની ૧૦ રૂા. ઈપીએસ બતાવી શકે છે. કંપનીની શેરમૂડી ૧૦ કરોડની છે. જેની સામે કંપનીનું વાર્ષિક વેચાણ ૨૦૦ કરોડનું છે. પાંચના પીઈથી મળતો આ શેર ૪૭ રૂા.માં નાની માત્રામાં અચુક લેવાય.

**માર્કેટ ટ્રેન્ડ પા.નં. ૮ નું ચાલુ**

**ટીસીએસ વેચો :**

ફયુચર ૧૨૧૦-૧૨૨૫ વચ્ચે વેચો સ્ટોપલોસ ૧૨૪૦ ટાર્ગેટ ૧૧૬૫-૧૧૪૦

**રિલાયન્સ ઈન્ફ્રા. ખરીદો :**

ખરીદો ૭૨૦-૭૩૮ સ્ટોપલોસ ૭૦૫ ટાર્ગેટ ૭૭૫-૮૦૫

**અબાન ખરીદો :**

૬૯૫-૭૧૫માં ખરીદો સ્ટોપલોસ ૬૭૫ ટાર્ગેટ ૭૪૦-૭૫૦ જો ૭૫૦ ઉપર ટકી રહેવામા સફળ રહે તો ૭૭૫ સુધી જવાની શક્યતા છે.

# પ્રાઈમ ટાઈમ ન્યૂઝ

## આર આઈ એલ ના ત્રીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો બજારની અપેક્ષા કરતાં નબળાં

ઉદ્યોગ માંધાતા રિલાયન્સ ગ્રુપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ તેનાં ત્રીજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો જાહેર કરેલ છે. આ કંપનીએ તેના ગતવર્ષના સમાના ગાળાના રૂ. ૪૦૦૮ કરોડના નફા સામે ૨૮.૧૪ ટકા વૃધ્ધી સાથે રૂ. ૫૧૩૬ કરોડ નફો કરેલ છે. તેના ચોખ્ખા વેચાણમાં ૫.૧૫ ટકા વૃધ્ધી થયેલ છે અને ગત વર્ષના ૫૬,૮૫૬ કરોડના વેચાણ સામે ૫૯,૭૮૯ કરોડનું વેચાણ થયેલ છે.

## આ નાણાકીય વર્ષમાં જીવન વીમા કંપનીઓના આઈપીઓ માટેની ગાઈડલાઈન તૈયાર થઈ જશે - ઈરડા

ઈન્સ્યોરન્સ વોચડોગ ઈરડાએ જણાવેલ છે કે જીવન વીમા માટેની જાહેર કંપનીઓ માટેની ગાઈડલાઈન આ વર્ષે તૈયાર થઈ જશે જયારે નોન લાઈફ વીમા કંપનીઓ માટેની ગાઈડલાઈનને હજુ સમય લાગશે.

ગત ઓકટોબર માસમાં માર્કેટ રેગ્યુલેટર સેબીએ જીવન વીમા કંપનીઓને આઈપીઓ લાવવા માટે મંજૂરી આપી દીધેલ છે. આ અનુસંધાને ઈરડાએ જે ડ્રાફટ ગાઈડલાઈન તૈયાર કરેલ છે તેમાં જણાવેલ છે કે જે વીમા કંપની ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી કાર્યરત હોય તે જ આવો આઈપીઓ લાવવા માટે લાયક ગણાશે. આ માટે આ વર્ષની જુલાઈ અને ઓગસ્ટ માસને ડેડલાઈન તરીકે ગણવામાં આવશે. કાયદામાં આ માટે ૧૦ વર્ષ શબ્દ વાપરવામાં આવેલ છે જે ૧૦ વર્ષ માટે ગણાશે. આવી કંપનીઓ ઈન્સયોરન્સ બીલ સિવાય પણ આ માટે આગળ વધી શકશે.

આ ઉપરાંત હાલની સેબીની ગાઈડ લાઈન જે કંપની ઈસ્યુ લાવવાની હોય તેનો છેલ્લા ત્રણ વર્ષનો નફાનો ટ્રેક રેકર્ડ હોવો જોઈએ તેવું પણ ઠરાવેલ છે.

જો કે નોન લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓએ આઈપીઓ લાવવા માટે હજુ થોડા માસ રાહ જોવી જોઈશે, જો કે ઈરડા આવી કંપનીઓ માટે પણ સેબીને દરખાસ્ત કરવા માટે તૈયારીઓ કરી રહેલ છે.

રિલાયન્સ લાઈફ, એચ ડી એફ સી સ્ટાન્ડર્ડ લાઈફ જેવી કેટલીક ખાનગી ક્ષેત્રની કંપનીઓએ મૂડી બજારમાં પ્રવેશવા માટે તૈયારીઓ દર્શાવેલ છે જ. જો કે એચ ડી એફ સી સ્ટાન્ડર્ડ લાઈફે ૧૦ વર્ષ પૂર્ણ કરેલ છે જ જયારે રિલાયન્સ લાઈફ આ ક્રાઈટેરિયામાં આવતી નથી. સેબીના જણાવ્યા મુજબ આવો આઈપીઓ લાવવા ઈચ્છુક કંપનીઓએ તેમનાં જોખમો પારદર્શક રીતે જણાવવાનાં રહેશે.

હાલમાં ૨૨ પ્રાઈવેટ લાઈન ઈન્સ્યોરન્સ કંપનીઓ અને ૧૭ નોનો લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓ વિદેશી ભાગીદારો સાથે કાર્યરત છે. ઈન્સ્યોરન્સ એકટ મુજબ આવી કંપનીઓ ૨૬ ટકા વિદેશી રોકાણ સ્વીકારી શકે છે.

## ૩૬ નવા ગ્રાહકોના ઉમેરા સાથે વિપ્રોનો ત્રીજા કવાર્ટરનો નફો ૧૦ ટકા વધ્યો

આઈટી મેજર વિપ્રોએ તેના ત્રીજા કવાર્ટરમાં ૯.૬૦ ટકા નફામાં વધારો નોંધાયો છે. ૩૧ ડીસે. ૨૦૧૦ના રોજ સમાપ્ત ત્રણ માસમાં તેનો પ્રોફીટ ૧૩૧૮.૮ કરોડ થયો હોવાનું જાણવા મળ્યું છે. ગયા વર્ષના આ કવાર્ટરમાં કંપનીનો નેટ પ્રોફીટ રૂા. ૧૨૦૩.૨ કરોડ થયો હતો. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે તેના શેર હોલ્ડરોને પ્રતિ શેર રૂા. બેનું ડિવિડન્ડ આપવાનો પ્રસ્તાવ જાહેર કર્યો છે. કંપની આઈટી સર્વિસ બિઝનેસ કરતા ૭૬ ટકાનું કુલ આવકમાં યોગદાન આપીને ૩૬ નવા કલાયન્ટ ઉમેરાયા હોવાનું જાણવા મળ્યું છે.

## વિમલ સ્ટોક્સને સર્વિસ ટેક્ષની ૧.૮૯ કરોડની નોટિસ

સ્ટોક ઈન્વેસ્ટમેન્ટના ક્ષેત્રમાં એડવાઈઝરી સર્વિસ આપતી અમદાવાદની વિમલ સ્ટોક પ્રાઈવેટ લિમિટેડ અને વિમલ સ્ટોકના માલિક દર્શન શાહને ફાઈનાન્શિયલ સર્વિસ પેટે રૂા. ૧.૨૨ કરોડ ચૂકવવાની નોટિસ એન્ટિ ઈવેઝનના અધિકારીએ આપી છે.

એન્ટિ ઈવેઝનના અધિકારીઓએ કંપનીમાં જઈને કરેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપની બેંકિંગ અને ફાઈનાન્શિયલ સર્વિસ પુરી પાડે છે. આ સેવા સર્વિસ ટેક્ષને પાત્ર બને છે. વિમલ સ્ટોક પ્રાઈવેટ લિમિટેડ ૧૬ મે ૨૦૦૮ થી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૦ના ગાળા સુધી આ સેવાઓ માટેનો ચૂકવવાનો થતો સર્વિસ ટેક્ષ ન ચૂકવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ સેવા પેટે કંપની પાસેથી રૂા. ૧.૨૨ કરોડ નો ટેક્ષ ભરવાની નોટિસ ફટકારી છે.



શેર બજારમાંથી મબલખ કમાણી કરો કિંમત રૂા. ૧૨૫/-



શેર એસ્ટ્રો રૂા. ૬૫૦



શેર બજારમાં સફળતા કેવી રી તે મેળવશો ? રૂા. ૯૦

શેર બજારમાં સફળતા મેળવવા માટેના ત્રણ તદ્દન નવા પુસ્તકો માટે સંપર્ક કરો : (Free Delivery)

અથવા ઉપરોક્ત રકમનો મ.ઓ. Or, Pocket Book Centre ના નામનો ચેક નો મોકલી આપશો.

**પોકેટ બુક સેન્ટર, જ્યોતિસંઘની સામે, રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧**
**ફોન : ૦૭૯-૨૫૫૦૮૭૩૨, ૨૫૫૦૮૩૨૮**

**Or you can visit Online Book store www.booksforyou.co.in**

# આ સપ્તાહે ઓમકાર સ્પેશિયાલીટી મેદાનમાં

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

મિત્રો,

ગત સપ્તાહે ટાટા સ્ટીલનો એફ પી ઓ આવેલ હતો, હવે રોકાણકારો પણ આઈપીઓમાં તેમ જ એફ પી ઓમાં પણ કૌભાંડોનો વાતો આવવાને કારણે વિશ્વાસ ગુમાવતા હોય તેમ જણાઈ રહેલ છે. ટાટા સ્ટીલનો આઈપીઓ આવ્યા પછી આ શેરના ભાવ થોડા વધ્યા પરંતુ પ્રાઈઝબેન્ડ કરતાં માર્જીનલી સાવ ઓછી વૃધ્ધિ હોવાને કારણે પ્રથમ બે દિવસ આ શેરમાં અરજી કરવામાં રોકાણકારોનો ખાસ ધસારો જોવા મળેલ ન હતો. નાના રોકાણકારોનો હિસ્સો તો માત્ર ૧.૬ ગણો ભરાયેલ છે, હજુ પણ ઘણી કંપનીઓ આઈપીઓ લઈને બજારમાં આવવા માટે મોકાની રાહ જોઈ રહેલ છે.

જો કે આમાં હવે એક નવું ક્ષેત્ર પણ ઉમેરાઈ રહેલ છે. ઈન્સ્યોરન્સ વોચડોગ ઈરડાએ જણાવેલ છે કે જીવન વીમા માટેની જાહેર કંપનીઓ માટેની ગાઈડલાઈન આ વર્ષે તૈયાર થઈ જશે, ગત ઓકટોબર માસમાં માર્કેટ રેગ્યુલેટર સેબીએ જીવન વીમા કંપનીઓને આઈપીઓ લાવવા મંજૂરી આપી દીધેલ છે અને તેથી સેબીએ જણાવ્યા અનુસાર ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી કાર્યરત હોય તેવી જીવન વીમા કંપનીઓ માટે મૂડીબજારનો માર્ગ ખુલી ગયેલ છે.

સેબીએ આઈપીઓમાં મ્યુચ્યુઅલ ફંડનો હિસ્સો વધે તે માટે પણ વિચારણા કરી છે. સેબી દ્વારા નાના રોકાણકારોની આઈપીઓની ભાગીદારીમાં વધારો કરવાના હેતુસર આ વિચારણા કરેલ છે. આઈપીઓ અને એફ પી ઓ આ બંને સેગમેન્ટ પરંપરાગત રીતે મ્યુચ્યુઅલ ફંડ માટે શેરબજારમાં રોકાણનું પસંદગીનું માધ્યમ ગણવામાં આવે છે પરંતુ એફ આઈ આઈની માંગમાં થયેલ વધારાને કારણે હાલમાં મ્યુ. ફંડોને પૂરતા પ્રમાણમાં શેર મળતા નથી. હાલમાં મ્યુ. ફંડ સહિતના કયુ આઈ બીને આઈપીઓ અને એફ પીઓ મારફત વેચવામાં આવતા કુલ શેરના ૫૦ ટકા શેરની ફાળવણી કરવામાં આવે છે, મ્યુ ફંડ માટે કોઈ અનામત સીધો હિસ્સો પણ નથી. આ કારણે મ્યુ ફંડો માટે શેરનો પૂરતો હિસ્સો મેળવવાની કામગીરી ખૂબ અઘરી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સેબી દ્વારા આ વિચારણા કરવામાં આવી છે.

આ સપ્તાહે ઓમકાર સ્પેશિયાલીટી કેમિકલ્સ તેના આઈપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહેલ છે. આ કંપની પણ તેમનું ઉત્પાદન વધારવા માગે છે અને તેમનાં ઉત્પાદનની નિકાસ કરતી હોઈ તેની વિકસવાની શકયતા સારી એવી જણાય છે. આ શેરમાં લીસ્ટીંગ ગેઈન માટે તેમ જ લાંબા ગાળે અવશ્ય રોકાણ કરી શકાય.

## ઓમકાર સ્પેશિયાલીટી કેમિકલ્સ લી.

# લીસ્ટીંગ ગેઈન તેમ જ લાંબા ગાળા માટે નાણાં રોકી શકાય

### કંપનીનો પરિચય

૨૦૦૫માં સ્થપાયેલી ઓમકાર સ્પેશિયાલીટી કેમિકલ્સ લી. સ્પેશિયાલીટી કેમિકલ્સ જેવા કે સેલેનિયમ, કંપાઉન્ડસ, આટોડીન કમ્પાઉન્ડસ, મોલીબડેનમ કંપાઉન્ડસ વગેરે તેમ જ ફાર્મા ઈન્ટરમીડીએટ જેવા કે પોટેશીયમ આયોડેટ, બીસમુથ એમોનિયમ સાઈટ્રેટ, બ્રોમોફોર્મ વગેરે. અમેરિકા અને ઓસ્ટ્રેલીયા ખાતે તેનાં ઉત્પાદનો વેચે પણ છે. ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦માં આ કંપનીએ કુલ ઉત્પાદનોના ૮.૬૯ ટકા, ૧૨.૩૫ ટકા અને ૭.૯૭ ટકા નિકાસ કરેલ છે.

આ કંપનીએ હમણાં જ મે. રીશીકેમ રિસર્ચ લી. કે જે રિસર્ચ અને ડેવલપમેન્ટમાં કાર્યરત છે તે હસ્તગત કરેલ છે. આ કંપની પહેલાં આ કંપનીની સિસ્ટર કન્સર્ન હતી અને માપ્ર પ્રમોટરની માલિકિની હતી. આ કંપનીની કિંમત રૂ. ૧.૩ કરોડ છે અને આ મૂડી આ ઈસ્યુમાંથી ભરપાઈ થનાર છે.

### ઓમકાર સ્પેશિયાલીટી કેમિકલ્સ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૨૪ જાન્યુઆરી ૨૦૧૧ થી ૨૭ જાન્યુઆરી ૨૦૧૧**

| | | |
|---|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | | ૮,૧૦૦,૦૦૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | | રૂ. ૭૬.૯૫ - ૭૯.૩૮ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | | રૂ. ૯૫ થી રૂ. ૯૮ |
| **ઓછામાં ઓછી અરજી** | | ૬૦ (રૂ.૫૮૮૦) |
| **વધારેમાં વધારે અરજી** | | ૨૦૪૦ (૧૯૯૯૨૦) |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | | **૪૧.૨૭** |
| **પ્રમોટર્સ** | | શ્રી પ્રવિણ હેર્લેકર<br>શ્રી ઓમકાર હેર્લેકર |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | | બી-૩૪, એમ આઈ ડી સી,<br>બાદલપુર (ઈસ્ટ), થાને ૪૨૧૫૦૩<br>મહારાષ્ટ્ર<br>ફોન નં. +૯૧-૨૫૧-૨૬૯૦૬૫૧/ ૨૬૯૭૩૪૦<br>ફેક્સ નં. +૯૧-૨૫૧-૨૬૯૭૩૪૭/ ૨૬૯૧૫૭૨ |
| **Email** | : | **info@omkarchemicals.com** |
| **Website** | : | **http://www.omkarchemicals.com** |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | | બીગશેર સર્વિસીસ પ્રા. લી.<br>ઈ-૨, અન્સા ઈન્ડ. એસ્ટેટ,<br>સાકી વિહાર રોડ, સાકીનાકા,<br>મુંબઈ - ૪૦૦ ૦૭૨<br>ફોન નં. +૯૧-૨૨-૨૮૪૭ ૦૬૫૨<br>ફેક્સ નં +૯૧-૨૨-૨૮૫૨ ૫૨૦૭ |
| **Email** | : | **ipo@bigshareonline.com** |
| **Website** | : | **http://www.bigshareonline.com** |
| **ચેક લખવાની વિગત** | : | "Escrow Account - Omkar - Public Issue - R" For Retail Bidders |
| **બુકરનીંગ લીડ મેનેજર** | | ૧. આલમોન્ડઝ ગ્લોબલ સિક્યુરીટીઝ લી. |
| **લીસ્ટીંગ** | | બીએસઈ, એન એસ ઈ |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૪,૦૫૦,૦૦૦ | ૧,૨૧૫,૦૦૦ | ૨,૮૩૫,૦૦૦ | ૦ |

આ કંપની પ્રારંભિક રીતે સ્પેશિયાલીટી કેમિકલ્સ અને ફાર્મા ઈન્ટરમિડિએટસ સાથે સંકળાયેલી છે. ઈનઓર્ગેનિક ઈન્ટર મિડિયેટસમાં મોલીબડેનમ ડેરીવેટિવ્સ, સેલેનિયમ ડેરિવેટિવ્સ, આયોડીન ડેરિવેટિવ્સ, કોબાલ્ટ ડેરિવેટિવ્સ, બીસમુથ એન્ડ ટન્ગસ્ટર ડેરિવેટિવ્સ અને ઓર્ગેનિક ઈન્ટરમિડિએટસ કે જેમાં ટેર્ટારિક એસિડ ડેરિવેટિવ્સ અને બીજા ઈન્ટર મિડિયેટસ વગેરે ઉત્પાદિત કરે છે. આ ઉત્પાદનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ, કેમિકલ ઉદ્યોગ, કાચ ઉદ્યોગ, કોસ્મેટિકસ, સિરામિક પીગમેન્ટસ અને કેટલ અને પોલ્ટ્રીફીડસમાં વપરાય છે.

આ કંપની એમ આઈ ડી સી, બાદલપુર (ઈ), જિલ્લો થાને, મહારાષ્ટ્ર ખાતે ચાર યુનિટ ધરાવે છે તેમ જ આ કંપની યુરોપ, કેનેડા, એશિયા, દક્ષિણ

### નાણાકીય વિગતો

રૂપિયા કરોડમાં

| | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૩૦.૦૯.૨૦૧૦ |
|---|---|---|---|---|
| **કુલ આવક** | ૪૩.૨૯ | ૫૦.૬૪ | ૬૮.૯૨ | ૫૧.૧૦ |
| **ચોખ્ખો નફો** | ૨.૫૮ | ૩.૧૩ | ૫.૧૩ | ૫.૦૪ |
| **ઈપીએસ** | ૨.૨૪ | ૨.૭૨ | ૪.૪૫ | ૪.૩૮ |

### કંપનીની મજબુતાઈ

- હાલમાં ભારતીય ફાર્મા સેકટરની કંપનીઓ વિદેશોમાં સારો એવો દેખાવ કરી રહી છે.
- ચાર જેટલા દેશોમાં આ કંપની નિકાસ કરી રહેલ છે જે હજુ પણ વધી શકે.
- આ આઈપીઓથી મળનાર નાણાંમાંથી તે ઉત્પાદન ક્ષમતા વધારનાર છે જે કંપનીને વધુ મજબૂત બનાવશે.
- પોતાનું આર એન્ડ ડી સેન્ટર હોવાથી કપની વધુ કાર્યક્ષમતાથી કાર્ય કરી શકશે તેમ જ ઉત્પાદન શ્રુંખલામાં નવાં ઉત્પાદનો જોડી શકશે.

### જોખમી પાસુ

- 'ઓમકાર' લોગોના ટ્રેડમાર્કની માલિકી આ કંપનીની પોતાની નથી.
- આ કંપની ખૂબ જ હરિફાઈયુક્ત ક્ષેત્રમાં કાર્યરત છે.
- પ્રોજેકટની કિંમત અડસટ્ટે નક્કી કરવામાં આવેલ છે, અને તે પણ પ્રમોટર્સના કોઈ પણ જાતના હિસ્સા વગર માત્ર અને માત્ર ઈક્વીટી ફંડ ઉપર જ સંપૂર્ણ પણે આધારિત છે.
- ખૂબ જ ઉંચી કાર્યકારી મુડી / બેંકની લોનો તેના નફામાં મોટો ઘટાડો કરે છે.

### નાણાકીય અને ભલામણ

આ કંપનીની છેલ્લા ૩ વર્ષની આવકો ઉપર નજર નાખીએ તો તે દરવર્ષે લગભગ સપ્રમાણ કહી શકાય તે દરે વધતી જણાયેલ છે અને નફામાં પણ લગભગ એટલી જ વૃધ્ધિ દર્શાવેલ છે. શેર દીઠ આવક પણ સપ્રમાણ વધેલ છે, જે જોતાં જણાય છે કે આ કંપની ધીરે ધીરે પોતાનો વિકાસ કરી રહેલ છે.

આ સમયગાળામાં (૩ વર્ષમાં) વાર્ષિક વિકાસ ૨૮ ટકા જેટલો થયો છે અને વળતર પણ મૂડીના ૩૦ ટકા જેટલું મળેલ છે. આ કંપનીના ચેરમેન અને એમ ડી શ્રી પ્રવિણ હેર્લેકર મુંબઈની ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના બેચલર ઓફ ટેકનોલોજી થયેલ છે, તેમ જ મુંબઈ યુનિવર્સિટીમાંથી પોષ્ટ ગ્રેજયુએટ થયેલ છે. આ જ કારણે આ કંપનીના પ્રમોટરો પાસે ફાર્માસેકટરના ઉચ્ચ ગુણવત્તા ઈન્ટરમીડીએટસ ઉત્પાદિત કરવા માટે સાનુકૂળતા સાધવા માટે પુરતો અનુભવ અને શોધ અને સંશોધનની ક્ષમતા છે, એવું જણાય છે કે આગળ ઉપર પણ ભારતીય ફાર્મા સંબંધિત કંપનીઓ સહયોગ દ્વારા અને આઉટસોર્સના આર એન્ડ ડી પ્રોજેકટ દ્વારા નવી દવાઓ વિકસાવવામાં તેમ જ બાયોટેકનોલોજી અને કેમિકલ્સના વિસ્તરણમાં સારી એવી સિધ્ધિ હાંસલ કરી શકશે.

### રેટીંગ

ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ કંપનીને ગ્રેડ ૩ ફાળવવામાં આવેલ છે, એટલે કે કેરના મંતવ્ય અનુસાર આ કંપની સરેરાશ ફંડામેન્ટલ ધરાવે છે. કેર કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

### આઈપીઓનો હેતુ

- બાદલપુર, થાને ખાતેનવું ઉત્પાદન એકમ યુનિટ ૪ સ્થાપવા, અંદાજીત ખર્ચ રૂ. ૩૨.૧ કરોડ તેમ જ હાલના યુનિટ ૧ ,યુનિટ ૨ અને યુનિટ ૩નું વિસ્તૃતિકરણ, અંદાજિત ખર્ચ રૂ. ૧૪.૬૧કરોડ.
- આ વિસ્તૃતિકરણ પૂર્ણ થયા પછી કંપનીની હાલની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૯૫૦ મેટ્રીકટન છે તે વધીને ૩૬૫૦ મેટ્રિકટન થશે.
- કાર્યકારી મૂડીની માંગને પહોંચી વળવા માટે
- બીજાં કોર્પોરેટ કારણોસર

હાલમાં આ કંપનીએ જે પ્રાઈઝબેન્ડ નક્કી કરેલ છે તે ૨૦નો પીઈ રેશિયો દર્શાવે છે. જે ના. વ. ૨૦૧૧ની કમાણી ઉપર આધારિત છે, હાલમાં આ કંપની

**અનુસંધાન પા.નં.૪ ઉપર**

# પ્રાઈમરી માર્કેટના તાણા - વાણા

### સુદર ગારમેન્ટનું મુડી બજારમાં પ્રવેશવા આયોજન

મુંબઈ સ્થિત સુદર ગારમેન્ટ ચાલુ નાણાકીય વર્ષે મૂડી બજારમાં પ્રવેશવા માટેનો પોતાનો રસ્તો તૈયાર કરી રહી છે. ખરેખર તો આ કંપનીએ આઈ પી ઓ દ્વારા મૂડી બજારમાંથી ૨. ૬૫ થી ૭૦ કરોડ એકત્રિક કરવા માટેની સેબીની પૂર્વમંજરી પણ મેળવી લીધી છે, અને હવે તેઓ આ નાણાકીય વર્ષના અંત પહેલાં મૂડી બજારમાં પ્રવેષવા આતુર છે. આ ફંડ દ્વારા મળનાર નાણાંમાંથી તેઓ તેમના ધંધાનું વિસ્તૃતિકરણ કરશે તેમ જ કાર્યકારી મૂડીની માંગને સંતોષશે.

આ આઈપીઓમાં રૂ. ૧૦ નો એક એવા ૯૦.૮૮ લાખ ઈકવીટી ઓફર કરવામાં આવશે

આ કંપની શર્ટ, પેન્ટ અને બીજી અનેકવિધ શ્રુંખલાનાં સુંદર વસ્ત્રો તૈયાર કરે છે. તેમનું ઉત્પાદન એકમ મહારાષ્ટ્રના રાયગડ જિલ્લાના ખાલપુર તાલુકા ખાતે આવેલ છે જયાં તેઓએ ૨૯,૬૨૬.૩૦ ચોરસ સમીટરનું બાંધકામ કરેલ છે અને દર માસે કુલ ૧,૬૬,૬૬૭ વસ્ત્રો તૈયાર કરી રહેલ છે. તેઓ 'ગ્લોરી ટુ ગ્લોરી' જેવું બ્રાન્ડનેમ ધરાવે છે બીજાં પણ બે બ્રાન્ડનેમ લોન્ચ કરનાર છે જેમનાં નામ સેંટ પાઉલ અને મેજેસ્ટી રહેશે, જે લોન્ચ કરવા માટે આ કંપની માર્કેટ એજન્સીઓ અને બ્રાન્ડ એમ્બેસેડરની નિમણૂક કરવામાં હાલમાં વ્યસ્ત છે.

### જીંદાલ પાવરનો ૧.૬ બિલિયન ડોલરનો આઈપીઓ એપ્રિલમાસમાં

જાણવા મળ્યા મુજબ જો બજારની સ્થિતિ સારી હશે તો જીંદાલ સ્ટીલ અને પાવરનું એક યુનીટ જીંદાલ પાવર ચાલુ વર્ષના માર્ચ અથવા તો એપ્રિલ માસમાં તેનો ૭૨૦૦ કરોડનો આઈ પી ઓ લોન્ચ કરશે. આ માટેનાં પેપર આ કંપનીએ ૨૦૦૯ના ડીસેમ્બર માસમાં સેબી સમક્ષ રજૂ કરી દીધેલ હતાં. જીંદાલ ગ્રુપ જીંદાલ પાવર લી. જીંદાલ પેટ્રોલીયમ લી, જીંદાલ સિમેન્ટ લી, જીંદાલ સ્ટીલ વગેરે નામથી કાર્યરત છે.

### ટાટા ઓટો કોમ્પ સિસ્ટમે મૂડી બજારમાં પ્રવેશવા સેબી સમક્ષ ડીઆરએચપી દાખલ કર્યું

પુના સ્થિત ટાટા ઓટો કોમ્પ સિસ્ટમ્સ ૩.૫૬૩ કરોડ ઈકવીટી સાથે રૂ. ૭૫૦ કરોડ એકત્રિત કરવાના હેતુથી મૂડી બજારમાં પ્રવેશવા આતુર છે. આ માટે આ કંપનીએ સેબી સમક્ષ ડી આર એચ પી દાખલ કરી દીધેલ છે, તેમ જ આ શેર બી એસ ઈ પર લીસ્ટ કરવા માટેની દરખાસ્ત પણ કરેલ છે.

જે એમ ફાઈનાન્સિઅલ કન્સલ્ટન્ટસ, ટાટા કેપીટલ માર્કેટસ, જે પી મોર્ગન ઈન્ડિયા, લીન્ક ઈનટાઈમ (ઈન્ડિયા) આ આઈપીઓ દ્વારા ફંડ એકત્રિત કરવા માટે મદદ કરી રહેલ છે.

### ટાટા સ્ટીલના એફપીઓને સામાન્ય પ્રતિસાદ

હાલમાં જ આવેલ ટાટા સ્ટીલનો એફપીઓ તા. ૨૧ જાન્યુઆરીએ એટલે કે ભરણાના અંતિમ દિવસે ૬.૩ ગણો ભરાયેલ છે. ટાટા સ્ટીલે તેની ઈસ્યુ સાઈજ ૪,૮૬,૭૫,૦૦૦ સામે ૨૯,૩૪,૬૦,૧૧૦ શેર માટેની બીડ મેળવેલ છે. જેમાં કયુ આઈ બીનો હિસ્સો ૧૦.૪૧ ગણો ભરાયેલ છે જયારે બિનસંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો ૭.૨૧ ગણો ભરાયેલ છે. નાના રોકાણકારોનો હિસ્સો ૧.૬૦ ગણો તેમ જ કમર્ચારીઓનો હિસ્સો ૦.૦૬ ગણો ભરાયેલ છે.

### સી મહેન્દ્ર એક્ષપોર્ટ સામાન્ય પ્રિમિયમથી લીસ્ટ થયો

સી મહેન્દ્ર એક્ષપોર્ટનો આઈપીઓ સામાન્ય પ્રિમિયમથી લીસ્ટ થયો હતો , રૂ. ૧૧૦નો આ કંપનીનો શેર પ્રથમ દિને નેશનલ સ્ટોક એક્ષચેંજ પર રૂ. ૧૧૧.૬૦ સુધી એટલે કે માત્ર ૧.૪૫ ટકા વૃધ્ધિ સાથે બંધ આવેલ હતો. આ શેર રૂ. ૧૧૪માં ખુલેલ હતો, રૂ. ૧૨૧ની ઉંચાઈ સુધી ગયેલ હતો અને રૂ. ૧૧૦ની નીચી કિંમત પણ દર્શાવેલ હતી. આ દિવસે કુલ ૨.૮ કરોડ શેર ટ્રેડ થયેલ હતા.

### કમ્ફોર્ટ સિકયુરીટીનું આઈપીઓ લાવવા આયોજન

મુંબઈ સ્થીત કમ્ફોર્ટ સિકયુરીટીએ તેના દરખાસ્તિક કરેલ ૯.૫૦ મિલિયન શેર સાથે મુડી બજારમાં પ્રવેશવા માટે સેબી સમક્ષ ડી આર એચ પી દાખલ કરેલ છે. આ ઈસ્યુ દ્વારા આ કંપની તેની કુલ ભરપાઈ થયેલ મુડીના ૪૪.૭૧ ટકા મૂડી ઉપલબ્ધ કરાવશે.

દાલમીયા સિકયુરીટીજ અને બીગ સર્વિસ આ ઈસ્યુ માટેની પ્રક્રિયા આગળ ધપાવી રહેલ છે.

### ટ્રીમ પ્લાસ્ટિકસ આઈપીઓ લાવવા આતુર

મુંબઈ સ્થિત ટ્રીમ પ્લાસ્ટિકે પોતાના રૂ. ૧૦ નો એક એવા ૫.૯૩ મિલિયન શેર સાથે મૂડી બજારમાં પ્રવેશવા માટે સેબી સમક્ષ ડી આર એચ પી દાખલ કરેલ છે. ઓનલાઈફ કેપિટલ એડવાઈઝર્સ અને બીગશેર સર્વિસીસ આ કંપનીને ઈસ્યુ લાવવા માટે મદદરુપ થશે.

### માર્ચ માસ સુધી ઓ એન જી સી રૂ. ૧૩૦૦૦ કરોડનો એફપીઓ લોન્ચ કરશે

સરકારશ્રી દ્વારા ઓ એન જી સી નો ૫ ટકા સ્ટોક ડીવેસ્ટ કરીને રૂ. ૧૩૦૦૦ કરોડ ઉપલબ્ધ કરવા માટે આયોજન થઈ રહેલ છે અને માર્ચમાસ સુધીમાં આ એફપીઓ લોન્ચ કરવા માટે આયોજન થઈ રહેલ છે. આ માટેની કીક ઓફ મીટીંગ ૨૪મી જાન્યુઆરીએ મળનાર છે આ માટે મર્ચંટ બેન્કરની નિમણૂક પણ થઈ રહેલ છે અને આ આઈપીઓની તૈયારી આયોજનબધ્ધ રીતે આગળ વધી રહેલ છે. આ એફ પીઓ પછી સરકારશ્રીનો ઓએનજીસીમાંનો હિસ્સો જે હાલ ૭૪.૧૪ ટકા છે તે ઘટીને ૬૯.૧૪ ટકા જેટલો થશે. આ માટે સેબી સમક્ષ રજુ કરવાના થતા કાગળો એટલે કે આર એચ પી ફેબ્રુઆરી માસના મધ્ય સુધીમાં રજૂ થઈ જશે.

**પોઈન્ટ બ્લેન્ક પા.નં. ૧ નું ચાલુ**

કોઈપણ પોઝીશનો ઊભી કરતા પહેલાં બે બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. સરવાળે રોકાણકારોને નુકસાન ન થવું જોઈએ. ગત સપ્તાહમાં જે કંપનીઓના સારા રિઝલ્ટ આવ્યા તે કંપનીમાં સારું વોલ્યુમ સાથે ખરીદી જોવા મળી હતી પરંતુ ઉંચા મથાળે પ્રોફીટ બુકિંગ પણ જોવા મળ્યું હતું અને બીજા દિવસે તે જ શેરો ઉછળ્યા હતા. જેમ કે ઓર્ચિડ કેમિકલ, બજાજ હોલ્ડિંગ, ટીવીએસ મોટર્સ, વિપ્રો, ભેલ આઈટીસી, ટેક મહિન્દ્રા, યશ બેંક વગેરે.

આવનાર સપ્તાહમાં પણ એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક, આઈડીયા, એચડીએફસી બેંક, એચપીસીએલ અને એનએચપીસી ત્રીજા કવાર્ટર ના પરિણામો જાહેર કરશે. અને એક વાત નોંધી રાખવા જેવી છે કે કોઈપણ કંપનીના પરિણામો આવે એટલે આંધળુકિયા કરીને કૂદી ન પડવું સમજી, વિચારીને લેવલો જોઈને જ રોકાણ કરવું. જેમ કે વિપ્રો તેના પરિણામના દિવસે જ ૫ ટકા ઘટ્યો હવે તેમાં ૪૫૦ના લેવલે ખરીદી કરી શકાય અને ૪૭૦-૪૯૦ સુધી જવાની ગણતરી બેસે છે. આવી તો ઘણી કંપનીઓ છે તે ધ્યાનમાં રાખો. અથવા જાણકાર માણસને પૂછો.

શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ તથા ડે ટ્રેડરોએ ત્રણ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ એક ગ્લોબલ ન્યૂઝ, ઈકોનોમી અને રાજકીય હિલચાલ. હાલમાં રાજકારણમાં હિલચાલ વધારે જોવા મળી રહી છે કારણ કે કૌભાંડો, ભ્રષ્ટાચાર, મોંઘવારી વગેરે બાબતો રાજકીય પરિબળોમાં સામેલ હોય છે જ્યારે ગ્લોબલમાં અમેરિકી માર્કેટો તેની ઊચ્ચ સપાટીએ ટ્રેડ કરી રહ્યા છે જો તેમાં થોડી નરમાઈ આવે તો આપણા માર્કેટમાં પણ તેની અસર થવાની તથા એફઆઈઆઈ ની ગતિવિધી ઉપર ખાસ ધ્યાન આપવું. તેઓને ભારતીય અર્થ વ્યવસ્થામાં વિશ્વાસ છે પરંતુ કૌભાંડો, મોંઘવારી અને કંપનીઓમાં થઈ રહેલી ગેર રીતિ તેઓનો વિશ્વાસ ડગમગાવી શકે છે અને તેઓ વેચવાલી કરી શકે છે. બે સપ્તાહથી તેઓ સતત વેચવાલ રહ્યા હતા અને માર્કેટમાં આપણે જોયું કે બે સપ્તાહમાં ૧૦૦૦ પોઈન્ટ માર્કેટ તૂટ્યું. જો હજુ પણ તેઓ વેચવાલ બનશે તો માર્કેટમાં તૂટશે તે નક્કી છે માટે કોઈપણ પોઝીશન લેતા પહેલાં બધી તરફ ધ્યાન રાખવું જોઈએ.

અહીં આપેલી ભલામણોમાં જો તમને નફો મળતો હોય તો તુરંત જ બુક કરવો હિતાવહ રહેશે ટાર્ગેટની રાહ જોયા વગર નફો બુક કરતા રહેવું.

**વિપ્રો (૪૫૬) :** આઈટી ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી કંપની વિપ્રોના ત્રિમાસિક પરિણામોમાં વૃદ્ધિ જોવા મળી છે. વિપ્રો નો કન્સોલિડેટ પ્રોફીટ ૨.૬ ટકાથી વધીને ૧૩૧૯ કરોડ રૂપિયા થયો છે. જે પાછલા ત્રિમાસિક ગાળામાં ૧૨૮૫ કરોડ હતો. કંપનીની પ્રતિ શેર દીઠ કમાણી (ઈપીએસ) ૫.૪૧ રૂા. રહી છે. કંપનીએ પ્રતિ શેર દીઠ બે રૂા.નો લાભ આપવા જાહેરાત કરી છે. રોકાણકારોએ સોમવારના ઉઘડતા માર્કેટમાં ખરીદી કરી શકાય સ્ટોપલોસ શુક્રવારનો લો ભાવ ૪૫૦ રાખવો અને ટાર્ગેટ ૪૭૦-૪૯૦ સુધી વધી શકે છે.

**સિન્ડીકેટ બેંક (૧૦૬.૮૫) :** શુક્રવારના મધ્ય ભાગમાં આવેલી બેંક શેરોમાં રિકવરીના કારણે એવું લાગે છે કે હવે બેંકો થોડું આઉટ પર્ફોર્મ કરશે. સિન્ડીકેટ બેંક ગત સપ્તાહમાં નીચામાં ૯૫ની લો બનાવીને ઉર્ધ્વગતિ દર્શાવી રહેલ છે. તેથી ૧૦૦નો સ્ટોપલોસ રાખી ૧૧૫-૧૨૫ સુધીનો ટાર્ગેટ રાખી શકાય.

**યશ બેંક (૨૭૦) :** જાહેર થયેલા પરિણામો થકી યશ બેંકે ૨૦૧૦-૧૧ના ત્રિમાસીક ગાળામાં ૫૧.૮ ટકા નફામાં વૃદ્ધિ દર્શાવી છે. યશ બેંકના વર્ષના ૧૨૫.૯ કરોડ થી વધીને ૧૯૧.૧૦ કરોડ નફામાં વૃદ્ધિ દર્શાવી છે. બેંકની કુલ આવક મળીને ૭૫૪.૧૬ કરોડથી વધીને ૧૨૮૭.૧૨ કરોડ થઈ છે. સારું પરિણામ દર્શાવવાથી આ શેરે ૨૭૭ની હાઈ બનાવી ને ૨૭૦ બંધ આપ્યો છે. રોકાણકારોએ ૨૬૫નો સ્ટોપલોસ રાખીને ૨૮૦-૨૯૦નો ટાર્ગેટ રાખી શકાય.

**ડી.બી. રિયલ્ટી (૧૬૫) :** આ રિયલ્ટી સેક્ટરના શેરમાં ઘટાડે જ લેણ કરવું હિતાવહ રહેશે કારણ કે તે પોતાના બાવન સપ્તાહના લો તરફી ટ્રેડ કરી રહ્યો છે અને તેની બાવન સપ્તાહની લો ૧૬૪.૫૦ છે. તેથી તેમાં ઘટાડે ૧૬૦-૧૫૬ની આસપાસ રોકાણ કરી શકાય અને ઉપર તરફી ૧૭૫-૧૮૫ સુધી જાય તો ઉછાળે નફો બુક કરતા રહેવું હિતાવહ રહેશે કારણ કે આરબીઆઈની પોલીસી જાહેર થાય તો અને આરબીઆઈ રેપો અને રિવર્સ રેપો રેટ વધારે તો ઓટો, રિયલ્ટી ને વધુ અસર થશે. તેથી ઉછાળે આ સેક્ટરો વેચો અને ઘટાડે ખરીદો ની નીતિ અપનાવવી જોઈએ. મિત્રો પોતાનો પોર્ટફોલિયો મેનેજ કરતા પોતે જ શીખો અથવા જેમાં સમજ ન પડે તે કામ જ ન કરવું અને જાણકારની સલાહ લેવી હિતાવહ રહેશે.

# સોમવારે સ્ટેટ બેંકના પરિણામો થકી બજારની ચાલ નક્કી થશે

મિત્રો,

જય જલારામ,

અત્યારે શેર બજાર વિશે ખાસ કંઈ લખવા જેવું નથી.ઘણીવાર આપણે શેર બજારમાં વિશ્વાસની કટોકટી જોઈ છે. પરંતુ અત્યારે આપણા દેશની વિશ્વસનીયતા શંકાના દાયરામાં છે. જે રીતે યુપીએ સરકારમાં એક પછી એક કૌભાંડો બહાર આવતા જાય છે છતાં પણ મોટા માછલા ઉપર કોઈ આંગળી ચિંધતું નથી તથા બહુ ઉહાપોહ થાય ત્યારે છેવટે બીજી કે ત્રીજી હરોળના નોકરિયાતોને સૂડીએ ચઢાવાયા છે ત્યારે આપણું જ નહીં આ દેશની ધરતી માતાનું માથું શરમથી ઝૂકી જાય છે. પરંતુ આપણા દેશના રાજકારણીઓ નફ્ફટાઈથી દલીલો કરે છે. બહાના બતાવે છે. ત્યારે એમ થાય છે કે રાજકર્તાઓ અને વિરોધ પક્ષો બધા જ શું શાન ભાન ખોઈ બેઠા છે? પાંચ વરસ પછી જ તેઓ પ્રજા પાસે જવાના છે તેવી નફ્ફટાઈ તેમના દિમાગમાં છે? તેઓ શું સમજીને આટલી નફ્ફટાઈ કરી રહ્યા છે? આ રાજકારણીઓ સલામતી દળ વગર પ્રજામાં એકલા આવે તો ચોક્કસથી પ્રજા તેમના કપડા ઉતારી લે. ખેર, કૌભાંડીઓનું લોહી જ હલકું છે.

### કલમ કોટકની



**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**

Skotak@KI-TRADE.com
WWW.KI-TRADE.COM

**રિલાયન્સનાં પરિણામો બજારની અપેક્ષાએ ઉણાં ઉતરેલ છે**

જાન્યુઆરીનાં પ્રથમ સપ્તાહમાં સેન્સક્સ ૮૧૭ પોઈન્ટ ઘટ્યો. અને બીજા સપ્તાહમાં ૮૩૧ પોઈન્ટ ઘટ્યો તેથી વિતેલા સપ્તાહમાં એક્સપાયરી પહેલાં થોડું શોર્ટ કવરિંગ થયું અને સેન્સેક્સ સપ્તાહમા ૧૪૭ પોઈન્ટ વધીને બંધ રહ્યો તથા નિફ્ટી લગભગ ૪૨ પોઈન્ટ વધીને બંધ રહી. અત્યારની શેર બજારની પરિસ્થિતિ એવી છે કે લાંબાગાળાની તેજી મરણ પથારીએ છે. છેલ્લા શ્વાસ લઈ રહી છે. અહીંથી જો શેર બજાર પાછું ફરી જાય તો અણી ચૂક્યો સો વર્ષ જીવે તેવો ઘાટ છે. સરવાળે બજેટ સુધી બજાર સીમિત દાયરામાં ફર્યા કરશે તેવું લાગી રહ્યું છે. એક વખત નિફ્ટી ૫૬૦૦ ની નીચે ટ્રેડ થવા લાગે તો બજાર પત્તાના મહેલની માફક તૂટી પડશે. ૫૬૦૦નો બહુ મજબૂત સપોર્ટ લેવલ છે. પરંતુ જે રીતે વિદેશી ફંડો માલ વેચી રહ્યા છે તે દર્શાવે છે કે તેમને ભારતનાં શેર બજારની સદ્ધરતા કરતા બીજી બાબતોની વધારે ચિંતા છે.

### STOCK INDICES : WEEKLY MOVEMENT

| | 14 - 01 -2011 | 21 - 01 -2011 | + - |
|---|---|---|---|
| Sensex | 18860.44 | 19007.53 | + 147.09 |
| Nifty | 5654.55 | 5696.50 | + 41.95 |

દેશમાં કોઈ સરકાર રાજ કરતી હોય તેવું ભાગ્યે જ લાગે છે. લોકસભા સ્થગિત થઈ ગઈ છે અને થવી જ જોઈએ. સરકાર જોઈન્ટ પાર્લામેન્ટરી કમિશન પાસે કૌભાંડોની તપાસ કરાવવામાં શા મટે આડોડાઈ કરે છે? આ પ્રધાનોને નવ નિર્માણનો ઈતિહાસ ખબર નહીં હોય. એક વખત પ્રજા જો વિફરશે તો નેશનલ સિક્યોરિટી વિગેરે કંઈ કામ નહીં લાગે. સરકાર પ્રજાની સહનશિલતાની પરીક્ષા લઈ રહી છે. પ્રજાને નપુંસક સમજી રહી છે. પરંતુ કંટાળીને જ્યારે પ્રજા વિફરે છે ત્યારે આ કાળમુખાઓ જેવા રાજકારણીઓનાં શું હાલ થાય છે તે ઈતિહાસ વાંચી લો તો સારું. ૬૦ રૂપિયે કિલો ડૂંગળી અને ૬૦ રૂપિયે પેટ્રોલ આ નપાવટ સરકારના જમાનામાં પ્રથમ વખત જોવા મળ્યું છે. આપણા વડાપ્રધાન અર્થશાસ્ત્રી નથી પરંતુ અનર્થ શાસ્ત્રી છે તેવું ગઈ કાલે જ ટી.વી. ની ચર્ચામાં કોઈક બોલતું હતું.

આ પરિસ્થિતિમાં વિદેશી રોકાણકારો શું કરશે તે તો ભગવાન જ જાણે. તેમનું રોકાણ ઓછું થતું જાય છે. અને એકવાર તેઓ ભાગશે પછી યુપીએ સરકાર છે ત્યાં સુધી પાછા આવવાનું નામ નહીં લે. દેશના દરેક નાગરિકે આપણા નબળા વડાપ્રધાનને એક પોસ્ટ કાર્ડ લખવું જોઈએ કે, ભાઈલા મારા બાપ હવે તું ઘર ભેગો થા. તે સાત દાયકામાં જે નામ કર્યું હતું તે સાત મહિનામાં ડૂબાડ્યું છે. હવે અમારા પર મહેરબાની કર અને ઘર ભેગો થા. દેશના દરેક નાગરિકે રોજનો એક કાર્ડ લખવો જોઈએ. કંઈક એને અસર થાય. વડોદરાની કોઈ સ્વૈચ્છિક સંસ્થા કે નાગરિક આ કામ ઉપાડી લે તો અમે દશ હજાર પોસ્ટકાર્ડ સ્પોન્સર કરવા તૈયાર છીએ.

જાન્યુઆરી મહિનામાં બજાર ઓવર સોલ્ડ કક્ષામાં છે તેથી એક્સપાયરી પહેલાં હજી થોડી સ્ટોક સ્પેસિફીક રીકવરી આવી શકે છે પરંતુ બજેટ સુધી કોઈ મોટા સુધારાની આશા રાખવી નહીં. હવે શેર બજારને દિવાળીના લેવલ સુધી પહોંચતા ઘણી તકલીફ પડશે. અને અણઘડ વહીવટ છે તે નોંધી લેવું. તમને શેર બજારમાં નુકસાન થાય કે રોકાણ ઉપર વળતર ન મળે તેનો દોષી સરકાર છે તેમ માનવું અને ઈશ્વરને પ્રાર્થના કરવી કે આ કંસોને જલદી ઉપર બોલાવી લો અને દેશને મુક્ત કરો.

## આ સપ્તાહની ભલામણો

**(૧) સ્ટેટ બેંક**

**બંધ ભાવ : ૨૫૯૬**

શુક્રવારે ૨૫૨૨નું બોટમ બનાવી સુધારા તરફી છે. સોમવારે ૨૫૭૫ ઉપર ટકે ત્યાં સુધી સારો. સોમવારે ત્રિમાસિક રિઝલ્ટ જોઈને આગળ ઉપરની રણનીતિ ગોઠવવી. અનુમાનો સારા છે. સોમવારે ૨૬૪૦ આસપાસનો પ્રથમ ટાર્ગેટ રાખવો. સારા પરિણામો તકી ૨૬૫૭ સુધી જઈ શકે છે.

સાપ્તાહિક ધોરણે ૨૫૫૫ પાર કર્યા પછી ઉપર તરફી ગતિ દર્શાવી રહ્યો છે. સોમવારે જ સાપ્તાહિક ચાલ નક્કી થઈ જશે. જાન્યુઆરી માસના અંત સુધી ૨૭૦૦ સુધી જવાની ક્ષમતા દેખાડી રહ્યો છે. પરંતુ ૨૫૦૦ તોડે તો ૨૪૭૧ જરુરથી જોઈ શકાય તે ધ્યાનમાં રાખવું.

**(૨)**

**આઈસીઆઈસીઆઈ**

**બેંક બંધ ભાવ : ૧૦૬૫**

માંડ માંડ શોર્ટ કવરિંગ થકી વેચાણ કપાતા સુધારાની આશા દર્શાવી રહ્યો છે. સ્ટેટ બેંકના સારા પરિણામો આવે તો આ શેરને પણ મફતમાં વિટામીન મળશે. ૧૦૫૬ ઉપર જ સારો. સોમવારે ૧૦૭૭નો પ્રથમ અને ૧૦૮૭નો બીજો ટાર્ગેટ ધ્યાનમાં રાખો. દબાણ થકી ૧૦૩૭ તોડે તો ખરાબ થાય. જો કે શક્યતા નથી.

સાપ્તાહિક ધોરણે ૧૦૩૭ ની ઉપર નિકળ્યા બાદ હાલમાં રિકવરી દર્શાવી રહ્યો છે. ઉપરમાં ૧૦૯૧ અને ૧૧૧૭ ના બે નાના રેસીસ્ટન્સ લેવલ દર્શાવે છે. ૧૦૩૭ તોડતાં ૯૭૭ સુધી નીચે જઈ શકે.

**(૩) રિલાયન્સ**

**બંધ ભાવ : ૯૮૬**

૯૫૪ સુધી નીચો ગયા બાદ તેજીની ચાલ તરફ આગળ વધી રહ્યો છે. પરંતુ એક વખત ૯૯૪ ઉપર બંધ આપ્યા બાદ તેજીની રુખ કન્ફર્મ થશે અને ૧૦૨૭ નો પ્રથમ અને ૧૦૬૫નો બીજો ટાર્ગેટ આવશે. પરિણામો સારા આવવાનો આશાવાદ બજારમાં પ્રવર્તી રહ્યો છે તેથી મંદી કરવામાં ધ્યાન રાખવું. ચાર આંકડામાં ન ટકી શકે તો ૯૨૭ નો ભાવ જોવા મળે. ૨૫મી જાન્યુઆરીની રિઝર્વ બેંકની ક્રેડીટ પોલીસી ખાસ જોઈ જવી. નવા પેટ્રોલિયમ મંત્રીશ્રી હાલ પુરતા પેટ્રોલ ડીઝલના ભાવ વધારવાની તરફેણમાં નથી તેથી રિફાઈનરીના શેરો હાલ પુરતા મોટી તેજી દર્શાવી શકે તેવી શક્યતા નથી. સારા પરિણામો થકી થોડો ચમકારો જરુર જોવા મળે. આ વખતની મિટીંગમાં મુકેશ અંબાણી નવી એકવીઝીશન માટે કઈ પોલીસી કે સમાચાર બજારને આપે છે તે સંકેતો આ શેરની ચાલ નક્કી કરવામાં મુખ્ય ભાગ ભજવશે.

**(૪) એલ એન્ડ ટી**

**બંધ ભાવ : ૧૬૪૯**

આ શેર તેની નીચેની ટ્રેન્ડ લાઈન આસપાસથી સપોર્ટ લેવાનો પ્રયત્ન કરી રહ્યો છે. હાલમાં ઘણો ઘટી પણ ગયો છે. લાંબાગાળાના રોકાણકારોએ શેરને પોતાના રડાર ઉપર રાખવાની જરુર છે. ૧૬૦૦ તોડે તો પણ ૧૫૬૦ આસપાસનો સપોર્ટ ધરાવે છે. ઘટાડે થોડા થોડા ઉમેરતા જવું. તથા લાંબાગાળાના રોકાણકારનો વ્યૂહ હોય તો જ આ શેર તરફ લક્ષ્ય આપવું.



એક વખત ૧૬૮૭ ઉપર બંધ આપી ટકી જશે તો પ્રથમ ૧૭૨૨ નો ભાવ આવશે તથા બીજો ૧૮૦૦ નો ભાવ આવશે. બજાર તેજી તરફી રૂખ ફરી પકડે તો ૨૧૨૭–૨૨૦૦ વચ્ચેનો ભાવ પણ જોવા મળે. હાલમાં ઘટાડાની ચાલમાંથી પાછો ફરવાની પેરવી કરી રહેલો શેર છે. તેજી હજી પકડાઈ નથી તે ધ્યાનમાં રાખવું.

## તા. ૧૦-૧-૨૦૧૧ના રોજ આપેલ ભલામણોનું વિહંગાવલોકન

અમે અમારા લેખમાં તારીખ ૧૦–૧–૨૦૧૧ની થોડીક યાદ અપાવી દઈએ. એ લેખમાં અમે ઘટાડા તરફી પાંચ સ્ટોકની વાત લખી હતી. અને સ્પષ્ટ રીતે નીચેના ટાર્ગેટને ધ્યાનમાં લેવાની ભલામણ કરી હતી. ફરીથી આખો લેખ વાંચી જવા વિનંતી છે. ટૂંકમાં એ ભલામણો વિશે જણાવીશું.

**તા. ૧૦–૧–૨૦૧૧ની ભલામણોનું વિહંગાવલોકન**

**(૧) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (૨૬૦૦)**

ભલામણ : ઘટાડા તરફી, ઉછાળે વેચો

ટાર્ગેટ : ૨૫૦૨ (ક્રેડીટ પોલીસી સુધી)

બોટમ : ૨૪૬૩

નોંધ : ટાર્ગેટ આવી ગયો

**(૨) ટાટા મોટર્સ (૧૧૯૦)**

ભલામણ : ઘટાડા તરફી, ઉછાળે વેચો

ટાર્ગેટ : ૧૧૨૧–૧૦૫૭

બોટમ : ૧૧૪૦

નોંધ : બંધ ભાવથી ૫૦ ઘટ્યો

**(૩) યશ બેંક (૨૭૦)**

ભલામણ : ઘટાડા તરફી, ઉછાળે વેચો

ટાર્ગેટ : ૨૫૩–૨૩૭

બોટમ : ૨૪૭

નોંધ : પ્રથમ ટાર્ગેટ આવી ગયો

**(૪) બજાજ ઓટો (૧૩૧૬)**

ભલામણ : ઘટાડા તરફી, ઉછાળે વેચો

બોટમ : ૧૨૨૩

ટાર્ગેટ : ૧૨૨૭–૧૧૩૭

નોંધ : પ્રથમ ટાર્ગેટ આવી ગયો. લગભગ ૯૦ રૂ. ઘટ્યો.

**(૫) એક્સિસ બેંક (૧૨૮૦)**

ભલામણ : ઘટાડા તરફી, ઉછાળે વેચો

ટાર્ગેટ : ૧૨૩૭–૧૧૯૫

બોટમ : ૧૧૯૫ નોંધ : બંને ટાર્ગેટ આવી ગયા.

ટૂંકમાં જણાવીએ બધી જ ટીપમાં વાંચકોને ફાયદો જ ફાયદો થયો. ઉછાળે વેચવાનું જણાવેલું. અને જેમણે ઉછાળે વેચ્યું હશે તેમને વધારે નફો થયો હેશે. અમે બંધ ભાવને જ ધ્યાનમાં લીધો છે. નિફ્ટીની વાત કરીએ તો પણ અમે ૫૭૨૧ અને ૫૬૦૫ના બે ટાર્ગેટ આપેલા. નિફ્ટી ૫૬૨૪ સુધી નીચે જઈ આવી.

## નિફ્ટી વ્યૂ

નિફ્ટી લગભગ ૪૭૦ પોઈન્ટ ઘટ્યા બાદ ૪૨ પોઈન્ટ વધ્યો છે. તથા સેન્સેક્સ ૧૬૫૦ પોઈન્ટ જેટલો ઘટીને લગભગ દોઢસો પોઈન્ટ વધ્યો છે.

**NIFTY CLOSE : 5696.50**

દિવાળીના દિવસે જ ૫૨ સપ્તાહ અને ત્રણ વરસનો ટોપ બનેલો. આ ટોપ સેન્સેક્સનો ૨૧૧૦૮.૬૪ અને નિફ્ટીનો ૬૩૩૮.૫૦ હતો. આ ટોપ તોડવામાં લાંબો સમય જશે અને ઘણાં બધા અવરોધો હવે નડશે.

**પ્રથમ અવરોધ : ૫૮૯૫**

**બીજો અવરોધ : ૬૧૮૧**

આ બે અવરોધો બજેટ પહેલાં પાર થઈ જવાની શક્યતા નહીંવત છે. ટેકનીકલ ચાર્ટ ઉપર નિફ્ટીનો છેલ્લો ટેકો ૫૬૦૦ નો છે. તે તૂટે તો બજાર લાંબાગાળા માટે મંદીના વમળમાં ફસાઈ જાય. મોટી અફડાતફડી જે પણ થવાની હોય તે બજેટ બાદ જ થશે તેવું અનુમાન બાંધીને ચાલવું જોઈએ.

| | | |
|---|---|---|
| Weekly Resistance | : | 5777-5827 |
| Weekly Support | : | 5618 |

અને સાપ્તાહિક સપોર્ટ લેવલ એક જ આપ્યો છે કારણ કે એની નીચે બીજો સપોર્ટ સીધો ૫૪૩૭નો સપોર્ટ છે. વચ્ચે ખાસ કોઈ મજબૂત સપોર્ટ લેવલ નથી.

**હવે પછી બજારની તેજી કે મંદી બેંકિંગના શેરો નક્કી કરશે**

## નિરસ વાતાવરણમાં ૩૧-૧૨-૨૦૧૦ના ક્વાર્ટરમાં અતિસુંદર પરિણામો બતાવનાર કંપનીઓમાં નાની માત્રામાં રોકાણ કરો : લાંબાગાળે સુંદર વળતર મળશે

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સૂચકઆંક ૧૯૦૦૦ આંક ઉપર બંધ રહ્યો છે. ૨૫મીએ આરબીઆઈની નાણાંકીય પોલીસી જાહેર થવાની છે. એની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. વ્યાજના દર જો મોટા પ્રમાણમાં વધે તો ચિંતાનો વિષય છે. અત્યારસુધી જાહેર થયેલા પરીણામો એકંદરે સંતોષકારક છે. ૧૯૦૦૦ થી વધુ મોટું ગાબડું પડે એવું લાગતું નથી. સરકાર પણ મોંઘવારીથી ચિંતામાં છે. કેબિનેટમાં ફેરબદલ એ સરકાર ચિંતીત છે. એનો પ્રથમ પુરાવો છે. આવનાર સમયમાં સરકાર અનેક ઉપાયો અમલમાં મુકશે. નાણાંકીય સુધારા જે અટકી ગયા છે તે ઝડપી બનશે. મ્યુચ્યુઅલ ફંડમાં નાણાંનો પ્રવાહ જે સાવ અટકી ગયો છે તે હવે નવી માત્રામાં શરુ થયો છે. આ એક બુલિસ ફેક્ટર છે. કોઈને લાંબી મંદી ગમતી નથી. પણ સતત તેજીનો સમય એ પણ ટેકનીકલી ખોટું છે. જેટલો ઘટાડો થવો હોય તે થવા દો. ખોટી રીતે જે ભાવો વધ્યા હતા તે થાળે પડશે. સારા શેરો એમના મુલ્ય કરતા નીચે મળશે. અને એ વખતે આવા શેરો ઝડપી લેવાનો વખત આવશે. આ લેખમાં અમે આપને આવા શેરો વિશે અવારનવાર માહિતી આપીશું. વર્ષોથી તેજી મંદી થતી રહે છે. એટલે ગભરાઈ જવાની પણ જરુર નથી. ત્રણ વર્ષના એંગલથી સારા શેરોમાં રોકાણ કરશો તો અચુક સારું વળતર મળશે. આવનાર સમયમાં નીચે પ્રમાણે વિચારી શકાય.

### ગોલ્ડ માઈન

**મોના વકીલ**

**૧. રાણે મદ્રાસ :** બીએસઈ ખાતે લીસ્ટેડ તથા એનએસઈ ખાતે પણ લિસ્ટેડ ૧૦ રૂા. નો ૧૭૩માં મળતો આ શેર આ ભાવે અચુક લેવાય.

(૧) ૩૧-૧૨-૨૦૧૦ના ક્વાર્ટરના રિઝલ્ટ કંપનીએ શનિવાર ૨૨-૧૦-૧૦ના રોજ અતિ સુંદર જાહેર કર્યા છે. ૧૦ કરોડ ૧૬ લાખની કેપિટલ ઉપર ૭ કરોડનો નફો જાહેર કર્યો છે. જે ડીસે.-૨૦૦૯ ક્વાર્ટરમાં ૩ કરોડ ૭૧ લાખ નફો હતો. આમ ત્રણ મહિનામાં ૭ રૂા. ઈપીએસ જાહેર કરી છે. વાર્ષિક ઈપીએસ ૨૭ રૂા. આવી શકે. જે અતિ સુંદર કહેવાય.

(૨) કંપનીએ ૪૫ ટકા ઈન્ટરીમ ડીવીડન્ડ જાહેર કર્યુ છે. જે ગઈસાલ આખા વર્ષમાં ૨૫ ટકા હતું. આમ આવનાર સારા સમય તથા મેનેજમેન્ટની ઉદારતાનો પરિચય આપે છે.

(૩) મદ્રાસના પ્રખ્યાત રાણે ગ્રુપની આ કંપની છે. ૧૦ કરોડની કેપિટલ ઉપર ૫૦૦ કરોડનું વેચાણ કંપની કરે છે. તથા નેટ પ્રોફીટ માર્જીન પણ આ ક્વાર્ટરમાં વધીને આવ્યા છે. આ બધું જોતા આ શેર આ ભાવે અચુક લો. તથા આ ગ્રુપના અન્ય શેર રાણે બ્રેક, રાણે હોલ્ડિંગ રાણે એન્જિન પણ નાની માત્રામાં લો,

**૨. પુષ્પક :** બીએસઈ ખાતે લીસ્ટેડ ૭૦ રૂા. માં મળતો આ શેર નીચેના કારણોસર નાની માત્રામાં લેવા જેવો છે.

(૧) કંપનીની શેરમૂડી ફક્ત ૭ કરોડ ૨૦ લાખની છે. જે ખૂબ નાની કહેવાય. જેમાં પ્રમોટરનું હોલ્ડીંગ ૬૬ ટકા છે.

(૨) કંપનીએ ૩૧-૩-

**અનુસંધાન પા.નં.૬ ઉપર**

## ૫૭૦૦ ની સપાટી અગત્યની, બજાર સાંકડી રેન્જમાં મજબૂતાઈ કેળવશે

બજાર નિફ્ટી ફ્યુચરમાં ૫૫૯૫ની સપાટી સુધી હજુ સુધરી શકે , આ સપાટી નીચે આપણે ઝડપથી ૫૩૫૦ ની સપાટી તરફ ધસી જઈશું. આવનાર સપ્તાહ અને માસનો આખરી લક્ષાંક ૫૦૪૦ રહેશે, પરંતુ જો આપણે ૫૭૫૦ પસાર કરી શકીએ અને તે પર ટકી રહીએ તો રિટ્રેસમેન્ટ સપાટી ૫૯૦૫ થી ૫૯૫૦ રહેશે, પછી ત્યાંથી પાછું બજાર સુધરશે. મેં શુક્રવારે સ્વીંગ ટ્રેડમાં નિફ્ટી ફ્યુચરમાં ૫૭૦૦ની સપાટીએ શોર્ટ પોઝીશન કરવા જણાવેલ, સ્ટોપલોસ ૫૭૫૫ થી ૫૬૦૦ રાખવા જણાવેલ. ૫૭૫૫ ઉપર નિફ્ટી ફ્યુચર ખરીદવું જોઈએ સ્ટોપ લોસ ૫૭૨૦ લક્ષાંક ૫૯૦૫, ૫૯૫૦. યુ. એસ. એ. અને યુરોપ પણ ટેકનીકલી ઓવરબોટ હોવાને કારણે સુધરવાની શકયતા છે.

### માર્કેટ ટ્રેન્ડ



**આસુ કક્કર**
**મો. ૦૯૯૮૯૬ ૯૩૩૨૦**
**૦૯૯૮૯૯ ૨૦૯૮૭**

Website : www.ashuukakkarr.com
Email ID : ashuu@ashuukakkarr.com / info@ashuukakkarr.com

**કેટલાક નજર રાખવા જેવા શેર**

**એમ્ફેસીસ વેચો :**

ફ્યુચર ૬૮૮ ના ક્લોઝીંગ ભાવે શોર્ટ કરો સ્ટોપલોસ ૭૨૯ ટાર્ગેટ ૬૬૫-૬૫૦

**એચસીએલ ટેકનો વેચો :**

૫૦૦-૫૧૫ની વચ્ચે વેચો સ્ટોપલોસ ૫૨૫ ટાર્ગેટ ૪૬૫ બીજો ટાર્ગેટ ૪૫૦ રાખવો.

**અનુસંધાન પા.નં.૬ ઉપર**

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387